Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

આત્મ સં. ૭૮ (ચાલુ), વીર સં. ૨૫૦૦
વિ. સં. ૨૦૩૦ આસો

## દમન અને શમન

વૃત્તિઓનું શમન કરવાથી અને ઇન્દ્રિયોનું દમન કરવાથી મગજનું સમતોલપણું પ્રાપ્ત થાય છે. મગજમાં કોઇપણ કુવાસના ઉત્પન્ન થાય ત્યારે સૌમ્ય માનવી શમ દ્વારા તેનું ઉપશમન કરે છે. ઇન્દ્રિયોના અશ્વો જ્યારે જીવન-રથને ખાઇ તરફ ઘસડી રહ્યા હોય છે ત્યારે સૌમ્ય માનવી ઇન્દ્રિયોનું દમન કરી વિષય વિકારો ઉપર વિજય મેળવે છે.

—આ. પ્ર. ઉજ્જવળકુંવરજી.

(જૈન જગત-જુલાઇ ૧૯૭૪માંથી)

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.

પુસ્તક : ૭૧ ] ઓક્ટોબર : ૧૯૭૪ [ અંક : ૧૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અનુક્રમણિકા


| ક્રમ | લેખ | | લેખક | પા નં. |
|---|---|---|---|---|
| ૧ | મિચ્છામિ દુક્કડમ્ | ... | ——— | ૧૪૫ |
| ૨ | પુરુષની પ્રધાનતા | ... | મનસુખલાલ તા. મહેતા | ૧૪૬ |
| ૩ | કાગનો વાઘ | ... | પન્નાલાલ પટેલ | ૧૪૯ |
| ૪ | તીર્થક્ષેત્ર શત્રુંજય | ... | મુ. લે હરિહરસિંહ અનુવાદ રક્તતેજ | ૧૫૩ |
| ૫ | મહાવીરસ્વામીના ભક્ત ભૂપતિઓ | ... | હિરાલાલ ર કાપડિયા | ૧૫૭ |
| ૬ | શ્રીમદ્ વિજયધર્મસૂરીશ્વરજીની સ્વર્ગારોહણ તીથી | ... | | ૧૫૯ |
| ૭ | જૈન સમાચાર | ... | | ૧૬૦ |
| ૮ | વાર્ષિક અનુક્રમણિકા | ... | | ૧૬૨ |
| ૯ | પેટ્રનની નામાવલી | ... | | ૧૬૪ |


## ચાલુ સાલમાં સભા તરફથી પ્રગટ થયેલા પુસ્તકો

(૧) સ્રી નિર્વાણુ- કેવલિ ભુક્તિ પ્રકરણે ( સંસ્કૃત )

(૨) શ્રી પુણ્યવિજયજી શ્રદ્ધાંજલિ વિશેષાંક ( ભારે દળદાર ગ્રંથ )

## હાલ છપાઈ રહેલા પુસ્તકો

(૧) શ્રી દ્વાદસાર નયચક્રમ્ ભાગ ૨ જો

(૨) શ્રી સુમતિનાથ ચરિત્ર ગુજરાતી ભાષાંતર

## આ સભાના નવા માનવંતા પેટ્રનો

શ્રી નાનચંદભાઈ તારાચંદ શાહ–મુંબઈ

શ્રી હીરાલાલ જુઠાભાઈ શાહ–ભાવનગર

## આ સભાના નવા આજીવન સભ્ય

શ્રી પ્રવિણચંદ્ર તલકચંદ –મુંબઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### આ સભાના નવા માનવંતા પેટ્રન

# શ્રીમતી ભાનુમતીબહેન વાડીલાલ ગાંધી

### જીવનની ટૂંકી રૂપરેખા



જેમના જીવનમાં સ્વસ્થતા, સાદાઈ, સ્વચ્છતા અને વિનમ્રતાના ગુણોનો આવિર્ભાવ થયેલો છે, એવાં શ્રી. વાડીલાલ ચત્રભુજ ગાંધીના ધર્મપત્ની શ્રી. ભાનુમતી બહેનનો જન્મ મુંબઈમાં જ્ઞાનપંચમીના પવિત્ર દિવસે, સોમવાર તા. ૩-૧૧-૧૯૧૩ના દિવસે થયો હતો. શ્રી. ભાનુમતીબહેનના પિતાનું નામ પારેખ જેઠાલાલ વાઘજી. મૂળ રહીશ ગોંડલના, માત્ર બે વર્ષનીબાલ્યવયે જ ભાનુમતી-બહેનના માતા શ્રી. પ્રેમકુંવરબેનનો સ્વર્ગવાસ થયો. એમની માતા કેવા હતા એ ભાનુમતીબેન માટે તો માત્ર કલ્પનાની જ વસ્તુ રહી.

પરંતુ જે માતાએ આવી અનેક ગુણ સંપન્ન પુત્રીને જન્મ આપ્યો, તે માતા કેવી મહાન હશે તેની કલ્પના તો જરૂર થઈ શકે.

કોઈ પણ બાળક માટે બાલ્યાવસ્થામાં માતાનું મૃત્યુ થવું એ જીવનનું મોટામાં મોટું દુઃખ છે. સમગ્ર સંસારમાં બાળકને જે વાત્સલ્ય એની જનેતા તરફથી પ્રાપ્ત થાય છે, તેવું વાત્સલ્ય અન્ય કોઈ પાત્ર તરફથી પ્રાપ્ત થઈ શકતું નથી. તેથી જ તો આપણે ત્યાં કહેવાય છે કે 'બાપ કદાચ મરજો, પણ રેંટીઓ કાંતવા-વાળી માતા ન મરજો. જે પ્રેમ, સ્નેહ, લાગણી અને ભાવ સંતાનોને પોતાની માતા તરફથી પ્રાપ્ત થતાં હોય છે, તેવા પ્રેમ-સ્નેહ-લાગણી અને ભાવ અન્ય કોઈ વ્યક્તિ પાસેથી પ્રાપ્ત થઈ શકતાં નથી. પિતૃહૃદય અને માતૃહૃદય વચ્ચે ભારે ફરક છે. માતાની કરુણતા, કોમળતા, સ્નેહ અને સહૃદયતાનો એકાદ અંશ પણ પિતા તરફથી પ્રાપ્ત થઈ શકવો દુર્લભ છે. માતા વિનાના બાળકને બાલ્યવયમાં અનેક સંઘર્ષોમાંથી પસાર થવું પડે છે.

જીવનમાં અનેક વિચિત્રતાઓ રહેલી છે. એક સુખ જતાં તેની જગ્યાએ અન્ય સુખ કોઈ રીતે મળી રહે છે When one door is shut another opens અર્થાત્ એક દ્વાર બંધ થતાં બીજું દ્વાર ખુલે છે આ કહેવત મુજબ, ભાનુમતીબેનના માતા જતાં તેમને તેમની નાનીની શીતલ છાયા મળી રહી મુદ્દલ કરતાં વ્યાજ જેમ વધુ વહાલું હોય છે, એમ પ્રેમકુંવરબેનની માતાને ભાનુમતીબેન પુત્રી કરતાં પણ વધુ પ્રિય થઈ પડ્યાં. સંઘર્ષના કારણે એવો માનવ વધુ સહિષ્ણુ થતો હોય છે અને તેની સમજણ શક્તિ પણ તીવ્ર બને છે. શ્રી. ભાનુમતીબેનને સહિષ્ણુતા અને સમજ શક્તિ નાની ઉંમરે જ પ્રાપ્ત થઈ ગયા.

આ સંસાર તો એક પ્રકારના કુરુક્ષેત્ર જેવો છે; જ્યાં સંઘર્ષોની પરંપરા નિરંતર ચાલુ જ રહે છે. નાનપણમા અનેક સંઘર્ષોમાંથી પસાર થયેલા એવા ભાનુમતીબહેન અઢાર વર્ષની વયે એટલે કે લગ્ન સમયે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

વર્ષ : ૭૧ ] વિ. સં. ૨૦૩૦ આસો .·. ઈ. સ ૧૯૭૪ ઓકટોબર [ અંક : ૧૨

## मिच्छामि दुक्कडम्

જે સાધક મન, વચન અને કાયાના યોગથી પ્રતિક્રમણ કરે છે, અને પાપને મિચ્છામિ દુક્કડમ્ દે છે અને ફરી પાપ કરતો નથી તેનું પાપ મિથ્યા થાય છે.

પાપને જાણીને તેનો ખુલ્લા દિલથી એકરાર કરાય છે અને ફરી પાપ ન કરવાનો દૃઢ સંકલ્પ કરવામાં આવે છે ત્યારે સાચી 'ક્ષમાપના' થઈ કહેવાય. કલ્પસૂત્રમાં કહ્યું છે કે "જે ઉપશમે છે, તેને આરાધના પ્રાપ્ત થાય છે. જે ઉપશમતો નથી તેને આરાધના પ્રાપ્ત થતી નથી."

卐

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પુરુષની પ્રધાનતા

મનસુખલાલ તારાચંદ મહેતા

કૌશાંબીમાં ધનદત્ત નામે એક સાધન સંપન્ન શેઠ રહેતા હતાં. પોતાની પાસે વિપુલ ધન હતું અને પ્રૌઢ ઉંમરે થયેલો એક પુત્ર પણ હતો પુત્રનું નામ રત્નદત્ત પાડયું હતું અને તે સુંદર સોહામણો હતો. એકનો એક પુત્ર અને વૈભવમાં ઉછર્યો એટલે થોડો તરંગી અને મોજીલો થઇ ગયો હતો. છ વર્ષની ઉંમરે માતા પિતાએ બહુ ઠાઠમાઠપૂર્વક તેને નિશાળમાં બેસાડ્યો. રત્નદત્ત સ્કુલમાં તો નિયમિત જતો, પણ અભ્યાસમાં એકાગ્રતા કેળવવાને બદલે તે ટીખળ કર્યા કરતો ધનવાનનો પુત્ર, એટલે તેના વર્ગના અન્ય બાળકો, બાળિકાઓ પણ તેના ટીખળને મૂંગા મોઢે સહન કરી લેતા

રત્નદત્તના વર્ગમાં કૌશાંબીના નગરશેઠ જીનદત્ત શેઠની પુત્રી સુજાતા પણ અભ્યાસ કરતી હતી. જીનદત્તશેઠના કુટુંબમાં સાત પેઢીથી નગર શેઠ ઇ ચાલી આવતી હતી, પણ છેલ્લા કેટલાક સમયથી આર્થિક દૃષ્ટિએ તેઓ ઘસાઈ ગયા હતા. તેમ છતાં કુટુંબની ખાનદાની પ્રામાણિકતા અને સદ્વ્યવહારના કારણે તેની ખ્યાતિ ચારે બાજુ પ્રથમની માફક હતી. જીનદત્ત શેઠને પુત્ર ન હતો, પણ સાત પુત્રોની ગરજ સારે એવી તેજસ્વી પુત્રી સુજાતાથી માબાપને પૂર્ણ સંતોષ હતો

સુજાતા અને રત્નદત્ત એક જ વર્ગમાં અભ્યાસ કરતા અને એ વર્ગમાં શિક્ષકની ગેરહાજરીમાં, શિક્ષકનું કામ કરવાનું ભાગ્ય સુજાતાને પ્રાપ્ત થતું. એક પ્રસંગે, સુજાતા જ્યારે વર્ગમાં દેખરેખ રાખતી હતી, ત્યારે રત્નદત્તે કોઇક છોકરાને અડપલું કર્યું. સુજાતાએ ધનવાનના પુત્રની દરકાર કર્યા સિવાય, શિક્ષારૂપે રત્નદત્તને વર્ગમાં ઊભો રાખ્યો. રત્નદત્તના મનને આવી શિક્ષાનો ડંખ તો લાગેલો, પણ પછી મોટા થતાં એ વાત બંને ભૂલી ગયા.

યોગાનુયોગે, પછી તો ઉંમર લાયક થતાં, રત્નદત્તનું વેવિશાળ સુજાતા સાથે થયું. રત્નદત્ત જો કે ધનવાનનો પુત્ર હતો, પણ સુજાતા જેવી તીવ્ર બુદ્ધિશાળી, ચતુર અને તેજસ્વી નારીના યોગ્ય પતિ બનવાની તેનામાં લાયકાત ન હતી. પરંતુ ધનવાનોનાં સંતાનો લગ્નની બાબતમાં બહુ ભાગ્યશાળી હોય છે. જે પાત્રને તેઓ લાયક હોય, તેથી અનેક રીતે ઉત્તમ પાત્ર, લગ્નમાં તેઓને સાંપડી જાય છે પણ, કુદરતનો કાનુન બહુ ન્યાયી હોય છે. દાંપત્ય જીવનમાં, અધિકાર અને લાયકાત વિના એક પાત્ર, જ્યારે તેનાથી અધિક શ્રેષ્ઠ અને ઉચ્ચ કોટિનું પાત્ર પ્રાપ્ત કરે છે. ત્યારે તેવા પાત્રને યોગ્ય બનવા તેણે દીર્ઘકાલીન તપ કરવું પડે છે. આમ તપ કર્યા વિના, પ્રાપ્ત થયેલા ઉત્તમ પાત્રનો તે લાભ ઉઠાવવા પ્રયત્નો કરે છે, તો એવા સહજીવનમાં એક સંવાદિતા જળવાતી નથી. આવા દાંપત્યજીવનમાં પછી અસંતોષની આગ પ્રજળ્યા કરે છે અને વિખવાદનાં વખ પણ ઘોળાતા હોય છે

વેવિશાળ પછી ટૂંક સમયમાં, સુજાતાના લગ્ન રત્નદત્ત સાથે થઇ ગયા. સોહાગ રાતે અપૂર્વ આનંદ અને ઉલ્લાસપૂર્વક સુજાતાએ જ્યારે શયનગૃહમાં પ્રવેશ કર્યો, ત્યારે રત્નદત્ત કોઈ ગૂઢ વિચારમાં લીન થયેલો બેઠો હતો. મનમાં અગમ્ય ઊંડાણમાં ગુપ્ત રહેલી કેટલીક વાતો, કડીબદ્ધ રીતે સ્મૃતિપટ પર અમુક પ્રસંગે સજીવ થઈ ઊઠે છે. માણસ પણ એક દૃષ્ટિએ પશુનું સાંસ્કારિક સ્વરૂપ જ છે એ પોતાનો સ્વભાવ છોડી શકતો નથી. કોઇ પણ પ્રસંગ કે પરિસ્થિતનો પ્રત્યાઘાત, તેનાં મન પર એના સ્વભાવ પ્રમાણે જ પડતો હોય છે ભૂતકાળમાં સુજાતાના હાથે તેને થયેલી શિક્ષાનો પ્રસંગ, એવા વખતે તેનાં સ્મરણ પટ પર તાજો થયો. તેણે શરૂઆતથી જ સુજાતા પર વટ બેસાડી દેવાને,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નિશ્ચય કર્યો બંને વચ્ચે થોડી ઔપચારિક વાતચીત થયા પછી, રત્નદત્તે પત્નીને કહ્યું, "સુજાત ! માઠું ન લગાડતી પણ પત્નીને હમેશાં એક ચંપલનો સ્વાદ ચખાડવાનું મેં વ્રત લીધુ છે મને ખાતરી છે કે મારા લીધેલા વ્રતપાલનમાં તું નિરંતર મને સહાયરૂપ બનીશ !" સોહાગરાતે, પતિ સાથેના પ્રથમ મિલનમાં, આવી બેહૂદી વાત સાંભળી સુજાતા મનમાં કંપી ઊઠી. પતિનું માનસ તેણે સમજી લીધું. પણ સુજાતા એક ભવ્ય કલાકાર હતી. તેણે એજ પળે દૃઢ નિશ્ચય કર્યો કે શિલ્પી જેમ કાળમીંઢ પથ્થરમાંથી ભવ્ય મૂર્તિ કંડારે છે, તેમ હું પણ આ મૂર્ખ માણસને દેવ જેવો બનાવીને જ જંપીશ. તેણે મોહક સ્મિત કરી રત્નદત્તને કહ્યું, "સ્વામીનાથ ! તમારું ચંપલ એ મારા માટે તો અમૃતની કુપ્પી સમાન છે, પણ એ ચંપલ મારવાનો અધિકાર તો તમને ત્યારે જ પ્રાપ્ત થાય, કે જ્યારે એ ચંપલ તમારી પોતાની કમાઇનું ખરીદેલું હોય ! આપણું વર્તમાન ધન તો બાપુજીની કમાણીનું છે, એમનાં ધનનાં બળ વડે તમે તમારા વ્રતનું પાલન કરો, એતો મને જરાએ ન રુચે. તમે જાતે ધન કમાઇ લાવો અને પછી એક નહિ પણ હમેશાં ત્રણ ચંપલનો સ્વાદ ચખાડજો."

રત્નદત્તે હસીને કહ્યું, "સુજાતા ! હું પરદેશ ધન કમાવા જઈશ, તો ત્યાં તને સાથે નહિં લઈ જઈ શકું. આપણે વિયોગ સહેવો પડશે, પણ એવા વિયોગ માટે શું તું તૈયાર છો ?"

અંતર્ગત તાપને છૂપાવી, હસતું મોં રાખી સુજાતાએ કહ્યું, "નાથ ! આપણે સાથે શીખેલા પેલો **વિરહોઽપિ સંગમઃ** વાળો શ્લોક તમે ભૂલી ગયા ? મન મળેલાં હોય તો પછી વિયોગ પણ સંયોગરૂપ જ લાગે છે, અને મન મળ્યાં વિનાનો સંયોગ એ પણ વિયોગ સમાન છે." બીજે દિવસે સુજાતા તેના પિતાને ત્યાં ગઇ. અને તે પછી થોડા દિવસમાં જ રત્નદત્તે પિતાના વહાણો સામાન ભરી, જાવા બંદર તરફ પ્રયાણ કર્યું. રત્નદત્તે જાવામાં ધંધો કરી અઢળક ધન પ્રાપ્ત કર્યું, પણ ત્યાં એક ઉસ્તાદ નર્તકી રહેતી હતી. વિપુલ ધનની એ માલિકણ હતી. ધનવાનોને પોતાને ત્યાં પાસાથી જુગાર રમવા આમંત્રી પોતાના રૂપ અને યુક્તિ વડે રમવા આવનારાઓનું ધન લૂટી લઇ, ગુલામ તરીકે તેઓને રાખતી. આવી યુક્તિ વડે અનેકને ફસાવી આ નર્તકીએ અનેક ગુલામો એકઠાં કર્યાં હતાં, તેમાં રત્નદત્તે પણ પોતાની ભરતી કરાવી. ધન ગુમાવ્યું અને નર્તકીના ગુલામ તરીકે બેલની ઘાણી પર કામ કરવાનું તેના ભાગે આવ્યું. સવારથી સાંજ સુધી ઘાણી ફેરવે અને ગુલામોની સાથમાં પેટ ભરે.

રાજગૃહી જતાં એક શ્રેષ્ઠી સાથે રત્નદત્તે પોતાના પિતા પર પત્ર લખી જણાવ્યું કે, "અહિં ઉંચા આસને બેસી સતત કામ કર્યા કરૂં છું અને તહેનાતમાં બે પહેરેગીરો પણ રહે છે" બીજો પત્ર સુજાતા પર લખીને તેમાં જણાવ્યું કે, "પિતાજી પર પત્ર લખ્યો છે, તે વાતનો મર્મ પકડી લેજે. તું તો મારી સહાધ્યાયી છો, એટલે પિતાજી પત્રની ભાષાનો સંકેત કદાચ ન સમજી શકે તોપણ, તું તો જરૂર બધું સમજી શકે એવી ચતુર અને શાણી છો."

બન્યું પણ એમજ. પિતા તો સમજ્યાં કે રત્નદત્ત જાવામાં બધી વાતે સુખી છે પણ સુજાતા મામલો સમજી ગઈ અને સસરાજીને કહ્યું કે, મારા પરના પત્રમાં તમારા પુત્ર મને ત્યાં તેડાવે છે. ધનદત્ત શેઠે પુત્રવધુ માટે બધી વ્યવસ્થા કરી આપી અને માલના તેર વહાણો સાથે સુજાતાએ જાવા બંદર તરફ પ્રયાણ કર્યું. માર્ગમાં વચ્ચે સુજાતાએ વેશ પરિવર્તન કર્યું અને પુરુષના પોશાકમાં તે સોહનલાલ નામ ધારણ કરી, સોહામણો યુવાન બની ગયો. જાવા પહોંચી સોહનલાલે રત્નદત્ત વિષે બધું જાણી લીધુ. પેલી નર્તકીની મેલી રમત અને યુક્તિઓ સમજી લઇ સોહનલાલ તેને ત્યાં પાસા રમવા પહોંચી ગયો. રમવા જતી વખતે પોતાની સાથે, ચાવીથી દોડી શકે તેવો એક રબરનો ઉંદરડો છૂપી રીતે તે લઇ ગયો હતો.



For Private And Personal Use Only

મધ્ય રાતે જ્યારે રમત ચગી હતી ત્યારે પોતાનું સર્વસ્વ દાવમાં મૂકી, સોહનલાલે પાસા નાખવા શરૂ કર્યાં. નર્તકીની હાર થાય તો, તેની તમામ મિલકત અને ગુલામોની માલિકી સોહનલાલની થાય, એવો એ આખરી દાવ હતો. નર્તકી, રમતી વખતે પોતાની પાળેલી બિલાડીને પાસે જ રાખતી અને દાવની કટોકટી વખતે બિલાડી દીવો પછાડી દેતી તે દર-મિયાન નર્તકી પાસો ફેરવી દેતી અને પોતે જીતી જતી. બિલાડીની ટાંપ જોઇને, બરોબર તે જ સમયે સોહનલાલ શેઠે ઉંદરડાને દોડતો કર્યો. બિલાડીનું ધ્યાન ગયું એટલે ઉંદર પાછળ દોડી અને નર્તકીનો દાવ ઉંધો પડ્યો. સોહનલાલની જીત થઇ અને નર્તકીના ગુલામો અને સર્વસ્વની માલિકી હવે સોહનલાલ શેઠની થઇ ગઇ રત્નદત્ત નર્તકીના બદલે હવે સોહનલાલ શેઠનો ગુલામ બન્યો.

સોહનલાલના વિશાળ મહાલયમાં એક રાતે, એક ગુલામ તેની પત્નીને ઢીબતો હતો. સ્ત્રીનું કરુણ આક્રંદ સાંભળી, સોહનલાલ ગુલામ આવાસમાં દોડી ગયા. બીજા ગુલામોની સાથે રત્નદત્ત પણ ત્યાં હાજર હતો. સોહનલાલે પેલા ગુલામને ઠપકો આપી કહ્યુ, " અમારે ત્યાં કહેવત છે કે ' નબળો માટી બૈરી પર શૂરો ' કોઇ પણ જીવનું મન દુઃખવવું એ પણ પાપ છે. સ્ત્રી, શિક્ષાના માર્ગે નહિં. પણ પ્રેમદ્વારા પુરુષને વશ રહે છે. નારી હમેશાં શુદ્ધ અને સાચા પ્રેમની ભૂખી છે. સ્ત્રીને અલંકારો જોઇતા નથી, અલંકારો તો પુરુષે, તેને આકર્ષક દેખાય એ માટે પહેરાવ્યાં છે. સાધી અને સાદી સ્ત્રી, પુરુષને ગમતી નથી. કુદરતનો અબાધિત નિયમ છે કે તમે જે પ્રમાણે તમારી પત્ની સાથે વર્તન રાખશો, તેવુ જ વલણ એ પણ તમારી પ્રત્યે દાખવશે ' રત્નદત્તે વચમાં મમરો મૂકયો " નામદાર ! આપની વાત સાચી હશે, પણ માનવજાતમાં પ્રધાનતા તો પુરુષની છે. પતિ, પત્ની પર દાબ ન રાખે, તો એવી પત્ની, પતિને ઉંઘતો રાખી રાતોરાત ચાલી નીકળે છે. ઋષિમુનિઓએ ' નારી નરકની ખાણ ' શું એમને એમ કહી દીધું હશે ? "

સોહનલાલે હસીને કહ્યું, " ઓ-હો, રત્નદત્તજી ! તમારું તત્ત્વજ્ઞાન પણ લાંબુ, પહોળું લાગે છે. સ્ત્રીને નરકની ખાણ કહેનારા મુનિને, તેના યુવાનીમાં એક યુવતીએ ધરાર દાદ ન આપી અને પજવ્યો પછી તો શિયાળને જેમ દ્રાક્ષ ખાટી લાગી અને છોડી દેવી પડી તેમ પેલા મુનિએ ' નારી નરકની ખાણ ' એવી વાત પ્રસિદ્ધ કરી જેવો પેલો શિયાળ તેવો જ આ મુનિ. હું. તમે અને અન્ય મહામાનવો પણ તો તો પછી નરકની ખાણમાંથી જ પેદા થયા છીએને ! પુરુષની પ્રધાનતા અને નારીની ગૌણતા, એ વિચાર જ પાગલતા ભર્યો છે. સ્ત્રી અને પુરુષ, બંનેનો આત્મા સમાન છે, એમાં કોઇ ભિન્નતા નથી. આત્માને- નર કે નારી જાતિ હોતી જ નથી. પુરુષ અને સ્ત્રીમાં વ્યાપ્ત રહેલા આત્માની શક્તિ પણ એકસમાન છે હા, ભાવનાની દૃષ્ટિએ, ધર્મશાસ્ત્રો કહે છે કે, સ્ત્રીનાં મનનાં પરિણામો, પુરુષનાં મનમાં પરિણામો જેવા અને જેટલા વિધ્વંસભર્યા હોઇ શકતાં નથી, અને તેથી જ પુરુષના જીવની માફક, સ્ત્રીનાં જીવને સાતમી નર્કમાં જવાનું પણ હોતું નથી. પુરુષને રાજી રાખવા સ્ત્રી જાતિએ તેને પ્રધાનતા આપી, એ સાચું- પણ આ પ્રધાનતા તો નારી જાતનાં સૌજન્યને આભારી છે. કેટલીક વસ્તુઓ કટાણે નથી સમજી શકાતી, રત્નદત્તજી ! તે સમજવા માટે પણ અમુક સમય નિશ્ચિત થયેલો હોય છે " રત્નદત્ત પછી તો ચૂપ થઇ ગયો. થોડા દિવસો બાદ સોહનલાલ શેઠે તમામ ગુલામોને મુક્ત કરી દીધાં અને બધી મિલકત રત્નદત્તને બક્ષિસ કરી દીધી રત્નદત્ત પાસે લખાવી લીધું કે, ભવિષ્યમાં જ્યારે બૌધ સાધુઓનો વિહાર શરૂ કરવા તે ભારતમાં આવે, ત્યારે એવા વિહાર અર્થે તેણે સોહનલાલ શેઠને એક લાખ રૂપિયા આપવા. સોહનલાલ તો પછી એકાએક કોઇ બૌધ વિહારમાં ઉપડી ગયા.

આ રીતે, કોઇ ન જાણે તેમ એક દિવસે સોહનલાલ તો પાછા કૌશાંબીમાં સુજાતા રૂપે ક્ષેમ-

( અનુસંધાન પાના ૧૫૨ ઉપર જુઓ )

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કાગનો વાઘ

શ્રી પન્નાલાલ પટેલ

નારદ પાસેથી કર્ણના જન્મની વાત જાણ્યા પછી કુંતી તરફ ભીષ્મને અણગમો તો થયો જ હતો ને એવામાં વળી કુંતીએ કરેલી એક ધૃષ્ટતા એમના કાને આવી.

વાત એમ હતી કે એક વાર પોતાની સાસુ અંબાલિકાને ત્યાં કુંતી બેઠી હતી એવામાં ધૃતરાષ્ટ્રની માતા અંબિકા પણ આવી ચડી. એ ત્રણ વચ્ચે વાત આડે વાત નીકળતાં ગાંધારીની વાત નીકળી. અંબિકા પોતાની પુત્રવધુની પ્રશંસા કરતાં કહેવા લાગી : ભીષ્મપિતા પણ કહે છે કે પતિવ્રતા ગાંધારીએ પતિના દુઃખે દુઃખી રહીને ને છતી આંખે પાટા બાંધીને કુરુકુળને અવનિ ઉપર અમર કરી દીધું છે.'

કુંતીથી અહીં કહેવાઈ ગયું : 'વાત તો સાચી છે. પણ મોટીબહેને (ગાંધારીએ) પોતાની આંખે પાટા ન બાંધ્યા હોત ને મોટાભાઈની સેવામાં દાસ-દાસીઓને બદલે પોતે જ પરાયણ રહ્યા હોત તો પણ કંઇ ખોટું નહોતું, માસીબા !'

ગાંધારીની સાસુ અંબિકા તો કુંતીની આ વાત સાંભળીને એવી ભોંઠી પડી ગઇ કે બે પાંચ પળ તો એ બોલી પણ ન શકી.

અંબાલિકા પણ પોતાની પુત્રવધુએ કરેલી આ બુદ્ધિગમ્ય વાત પર અનાયાસે ખુશ થતી બોલી પડી ! કુંતીની વાત સાચી તો છે જ બહેન ગાંધારી પોતે પાટા બાંધીને બેસી ગઇ એના બદલે એ જો પતિની સેવામાં રહી હોત તો—દાસદાસીઓની સેવા ક્યાં ને પત્નીના હાથની મમતા ક્યાં ? પત્ની અને દાસીની સેવામાં ફેર તો ખરો જ ને ? કુંતીએ વળી પૂર્તિ કરી : 'અંધ બનેલા' ચ્યવન ઋષિએ સુ-કન્યાના હાથની સેવા પામતાં કહ્યું જ છે કે હું જો અંધ ન હોત તો તારા હાથની અમૃતમય સેવા ક્યાં મને આમ હરતાફરતા મળવાની હતી ?'

અંબિકા હવે વધુ વાર ન સાંભળી શકી. ધુંધવાઈ રહેલા અગ્નિમાં જેમ ભડકો થાય એ રીતે એ સફાળી ઊભી થઇ ગઇ. પીઠ ફેરવતાં બોલી તે પણ એવું કે કુંતી તથા અંબાલિકા ભડકે બળવાં જ બાકી હતાં : 'મને ખબર છે તમે બે સાસુ–વહુ આખો વખત અમારી કુથલી કૂટો છો એ !—'

ધૂંવાંપૂવાં થઈ ઊઠેલી અંબિકાએ ગાંધારીના આવાસે પહોંચતામાં જ બડબડ શરૂ કરી દીધી. બાજુના ઓરડામાં બેઠેલો ધૃતરાષ્ટ્ર પણ એ સાંભળતો હતો : 'ઈર્ષા તે કાંઇ શેર પાશેર છે ? એક તો પોતાનો દીકરો રાજા થયો ને ઓછું હોય તેમ યદુકુળની વહુ મળી ! અંબાલિકા તો વળી એમ જ સમજે છે કે બ્રહ્મણની સેવા કરનાર મારી વહુ તો ચારેય વેદ ભણી ઊતરી ને એ કહે એ વેદવાક્ય જ! અમારી વહુ તો મૂર્ખ જ જાણે. સ્વયં ભીષ્મપિતા પણ જેના પતિવ્રતાપણાની પ્રશંસા કરતાં થાકતા નથી એની આમ ઠેકડી કરતી પાંડુની આ ચિબાવલી પત્ની એના મનમાં સમજે છે શું ? !

ગાંધારીની અકળામણનો પાર નહોતો. આંખો ઉપર પાટા એટલે દેખી પણ નહોતી શકતી ને એમાં વળી સાસુનો આ મોંમાથા વગરનો બબડાટ ! સાસુની દિશામાં હાથ હલાવતા અકળાયેલા સ્વરે પૂછવા લાગી : શું થયું માતાજી ? કોની તમે વાત કરો છો ? કંઇ સમજ પડે એમ તો બોલો "



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પેલી ૫ થી ધૃતરાષ્ટ્ર પણ માતાના આ તિરસ્કાર ભર્યા વેણ સાંભળીને ધૂંધવાયેલો હવામાં હાથ ફંફોળતો બારસાખે આવીને ઊભો. પૂછવા લાગ્યો : શું છે મા, તે આટલો બધો વલોપાત કરી રહ્યા છે ?'

'છે !' આમ કહેતી મા બારણામાં ઊભેલા ધૃતરાષ્ટ્રનો હાથ પકડી ગાંધારીની બાજુનાં હીંચકા ઉપર બેસાડતાં બબડવા લાગી : 'અત્યાર સુધી અંબાલિકા એકલી હતી એટલે કેની આગળ પોતાની વડાઈ ગાયા કરે ? પણ હવે તો એને વહુ આવી ! પછી બેઉ જણ મળીને—મારા મોં ઉપર સુદ્ધાં એકમેકની વાતમાં ઠાગો પુરાવતાં આવું બોલ્યાં ત્યારે એકલાં આ મારા અંધ દીકરાની ને વહુની વાતો—' એનો અવાજ ગળગળો થઇ ગયો. માંડ માંડ બોલી શકી : દીકરાની તો ઠીક પણ આ મારી સતી વહુની કુથલી કુટતાં એ બે જણને કોડીનીય લાજ'—આ સાથે જ એ ધ્રુસ્કું નાખી બેઠી.

રડતી ગઇ ને કુંતી તથા અંબાલિકાની વાત ધૃતરાષ્ટ્ર તથા ગાંધારીને કહેતી ગઇ : યાદવકુળના અભિમાનમાં ભાંગી પડતી આ મહારાણી સીધેસીધું તો કેમ કહી શકે ! પંડિતા ખરી ને ? એ તો એમજ જાણે છે કે બોલતાં તો ન ને એકલીનેજ આવડે છે.... પણ અમેય સમજીએ છીએ અમેય કંઇ સંતને બ્રહ્મણ સેવા ઓછી નથી કરી. કુંતીના કહેવાની મતલબ તો એ જ હતી કે ગાંધારીને અંધ પતિની સેવા કરવી પડે એટલેજ એ પોતે પાટા બાંધીને બેસી ગઇ છે અને જાણે ચ્યવન-સુકન્યાની વાત એ જ એકલી જાણતી હોય તેમ મારા મોં ઉપર મને દાખલો દેવો આપવા બેઠી ! સાસુ પણ વહુની વાતમાં મલાવી મલાવીને હુંકારો ભણે ને બેઉ જણાં ઠાવકું મોં રાખીને—મોઠી માઓ મને શાર્યા કરે !...'

પછી તો એ વિલાપે ચડી : 'મારા ભાગ્યમાં અંધ દીકરોને એનો ( અંબાલિકાનો ) દીકરો રાજા થયો ! મારા વહુએ પતિનાં દુઃખ માથે ઓઢયાં ને એની વહુ થઈ મહારાણી ! પછી સાસુ-વહુ બે મળીને આ અભાગિયાને—'

અને આમ ઇર્ષા અને ક્રોધના આવેગમાં અંધ બનેલી અંબિકા તથા અંધ પેલાં બે પતિ-પત્નીના આંધળા કકળાટે રાજભવનમાં એટલી હદે હોબાળો મચાવી મૂકયો કે ભીષ્મને પણ આ વાતની ખબર પડી. ધૃતરાષ્ટ્રના આવાસે આવી પેલાં ત્રણને શાન્ત પાડતાં કારણ પણ પૂછવા લાગ્યા : 'આ બધા કલેશનું કારણ અંબિકા ?'

મથીને છાની રહેલી ગાંધારીની સાસુ પહેલાં બળી જળી બોલી ઊઠી : 'પિતાજી, તમારી નવી વહુ કહે છે... ગાંધારીને અંધ પતિની સેવા કરવી પડે એટલે એ... પાટા બાંધીને પલંગ ઉપર બેસી ગઈ—' એનાથી ધ્રુસકું નખાઈ ગયું.

પછી તો અંબિકાએ અંબાલિકા તથા કુંતીની વાત ભીષ્મપિતાને કહી સંભળાવી. અંતમાં પોતાના તરફથી ટીકા પણ ઉમેરી : 'તમે તો જાણો છો પિતાજી, કે કુંતી પોતે પંડિતા છે. એના આવ્યા પછી મારી નાની બહેન પણ એના જેવી થઇ બેઠી છે. બેઉ જણ આખોય વખત અમારી નિંદા કર્યા કરે છે ને અમારાં પાપ અમને નડયાં છે એમ કહીને—' વળી એનાથી ધ્રુસ્કુ નખાઈ ગયું...

ભીષ્મને આમેય કુંતુ તરફ અણગમો તો હતો જ ને એમાં એના આ 'દોઢડહાપણે' ઉમેરો કર્યો. ભીષ્મને હવે ખાતરી થઇ કે કુંતી જેટલી બહાર દેખાય છે એના કરતાં બમણી બીજી જમીનમાં છે !

આ ત્રણને સાન્ત્વન આપી ભીષ્મ એ જ પગલે સત્યવતીના મહેલે ગયા. જતાંમાં જ કહ્યું : સાંભળ્યું ને માતાજી, કુંતીએ આવતાંમાં જ કલેશ ઊભો કર્યો છે એ ?'

પાંડુના ગાદીએ બેઠા પછી સત્યવતી ઝાઝો ભાગ ઈશ્વરપરાયણ રહેતી હતી. પાંડુ પોતે જેટલો ઉદાર, સમજુ અને જ્ઞાની હતો એટલો જ યુદ્ધક્ષેત્રે પણ બહાદુર નીવડયો હતો. ઉપરાંત કુંતીએ ભારતભરના રાજાઓમાંથી પાંડુની પસંદગી કરી એ બાબતથી પણ સત્યવતીને ખૂબ જ આનંદ થયો હતો. એને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હવે ખાતરી થઈ ગઈ કે ભારતમાં અગ્રસ્થાને ગણાતું આવેલું પોતાનું આ કુરુકુળ ફરી પાછું એના અસલ સ્થાનમાં આવી ગયું છે–

ત્યાં તો ભીષ્મે આજે આવતાંમાં જ અમંગળ એવા સમાચાર આપ્યા

સત્યવતીને ધ્રાસકો પડવાનું ખાસ કારણ એ હતું કે ભીષ્મને એમણે કદી આ રીતે વ્યગ્ર જોયો નહોતો. જ્યારે જ્યારે એ માતાના મહેલે આવતો ત્યારે એના મૂળ સ્વભાવ પ્રમાણે ધીર ગંભીર જ જોવા મળતો —ભલે ને પછી રાજ્યની સીમા ઉપર પડોશી રાજાએ આક્રમણ કર્યું હોય યા સેનામાં કે નગરજનોમાં કોઈ વાતનો અસંતોષ જાગ્યો હોય!

કુંતી માટે સત્યવતીને શરૂઆતથી જ ઘણો સારો સદ્‌ભાવ હતો. એની વૃત્તિ હમેશાં બ્રાહ્મણો તરફ હોઈને પાંડુ સ્વભાવને પણ એ જાણે કે પૂર્તિ સમાન બની રહી હતી ને એટલે જ સત્યવતીએ નવાઈ સાથે સવાલ કર્યો: કુંતીએ કલેશ ઊભો કર્યો છે?'

'તો બીજું કોણ?' અને પછી ભીષ્મે અંબિકા પાસેથી સાંભળેલી વાત આખીય સત્યવતીને કહી સંભળાવી. સાથે અંબિકાની ટીકા પણ. અંતમાં ઉમેર્યું: 'મારો પ્રશ્ન એ છે કે કુંતીએ શા માટે નાના મોંએ મોટી વાત કરવી જોઈએ? ને વાત પણ પછી કેવી કરી! આમ જુઓ તો બ્રાહ્મણોની દુનિયામાં જ એ ઊછરી છે અહીં આવ્યા પછી પણ રાજ્યભરના અતિથિ આશ્રમોની કાર્યવાહી એણે જ પોતાના હાથમાં લઈ લીધી છે. પણ બીજી બાજુ મને હવે પૂરેપૂરી પ્રતીતિ થઈ ગઈ કે કુંતીને મન ત્યાગનું કશું મૂલ્ય જ નથી લાગતું!'

'અકળાઓ નહિ, ભીષ્મ.' આમ કહી માતાએ હસવાનો પ્રયત્ન કરતાં ઉમેર્યું: 'મને તમારી અકળામણ જોઈને નવાઈ લાગે છે. આપણે એક વાર કુંતીને પણ પૂછી જોઈએ. એક કાનેથી બીજે કાને એમ તમારી પાસે મૂળ વાત આવી પણ ન હોય। બાકી સામાને દૂભવવા જેવું કુંતીના સ્વભાવમાં જ મને નથી લાગતું!'

ભીષ્મ પાસે તો બ્રહ્માસ્ત્ર બલ્કે નારાયણ અસ્ત્ર જેવો કુંતી સામે પુત્રપ્રસવનો દાખલો હતો. સત્યવતી આગળ આ વાત કહી એમના દિલમાં અંકાયેલી કુંતીની એ છબીને છિન્નવિચ્છિન્ન કરી નાખવાનું મન પણ થઈ આવ્યું. પણ અહીં આગળ પણ ભીષ્મને ખુદ સત્યવતીનો ભૂતકાળ નડ્યો

હોઠ ઉપર જીભ ફેરવતાં ભીષ્મે કહ્યું: 'કુંતીને તમે ગંભીર થઈને ચેતવી દો તો સારું, નહિ તો આ એક નાના સરખા પ્રસંગમાં મને ઈર્ષાનાં ને કુટુંબકલેશનાં બીજ પડેલાં દેખાઈ રહ્યાં છે.'

'કુંતીને ને અંબાલિકાને પણ કહીશ ને અંબિકાને પણ કહેવું પડશે કે મોટું મન રાખે; વાતનું વતેસર કરે નહિ.'

'અંબિકા બિચારી શું કરે?' ભીષ્મના મોં ઉપર ખિન્નતા હતી.

'તમારી વાત પરથી તો એમ જ ફલિત થાય છે ને ભાઈ! કુંતીએ કંઈ એમ નથી કહ્યું કે ગાંધારીને પતિની સેવા કરવી પડે એટલે—'

ભીષ્મને કદાચ પહેલી જ વાર સત્યવતીની સમજણ માટે શંકા ઊઠી હસવાના પ્રયત્ન સાથે વચ્ચે બોલી કહેવા લાગ્યા: એનો અર્થ તો એ થયો ને, માતાજી?'

'વારુ ભાઈ! આવી નાનકડી વાતને મોટું રૂપ ન આપવું જોઈએ. હું તો આને વિચારભેદ ને દૃષ્ટિભેદ જ ગણું છું. કુંતી પોતે મહારાણી છે પછી એણે શા માટે કોઈનીય ઈર્ષા કરવી જોઈએ?'

'હું પણ એ જ કહું છું, માતાજી! કોણ જાણે કેમ પણ ભીષ્મને પણ અહીં લાગતું હતું કે કુંતી ઉપર ઈર્ષાનું આરોપણ કરવું બરાબર નથી. સત્યવતીની વિદાય લેતાં પહેલાં આ વાત એમણે સુધારી પણ લીધી. કહ્યું: 'ઈર્ષા તો નહિ પણ કુંતીનું આ દોઢડહાપણ તો ખરું, માતાજી, તમે એને કહેજો કે હવે પછી એ નાના મોઢે મોટી વાત કરવા જેવું કરીને કુટુંબ કલેશ ઊભો ન કરે.'



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'એ માટે તમે નચિંત રહો, ભાઇ, કુંતી તો એવી છે કે આપણે એને મૌનવ્રત લેવાનું કહીશું તો તે પણ હસતે મોઢે લઇ લેશે '

કોણ જાણે કેમ, પણ ભીષ્મને સત્યવતીની આ વાત પણ ન ગમી ! મનોમન બબડયા પણ ખરા : એ જ તો ( કુંતીની ) ખૂબી છે! પાંડુને પણ એણે તો આવતાંમાં જ આજ્ઞાધીન બનાવી દીધો છે.' તે વખતે નારદ પાસેથી ઊભા થયેલી કુંતીને જે રીતે પાંડુ અનુસર્યો હતો એ ભીષ્મના ચિત્તમાં તીરની પેઠે ખૂંપી ગયેલું લાગતું હતું *

*લેખકના 'પ્રાર્થને કહો ચડાવે બાણુ' નામના પુસ્તકમાંથી સાભાર ઉદ્ધૃત.

---

( અનુસંધાન પાના ૧૪૮ નું ચાલુ )

કુશળ પહોંચી ગઇ. સાસુ, સસરાને વાત કરી કે રત્નદત્ત થોડા સમયમાં લાખોની મિલકત પ્રાપ્ત કરી સુખરૂપ આવી પહોંચશે, પણ પોતે કરેલા કાર્યનો એક હરફ પણ કોઇને ન કહ્યો.

પરદેશનું કામ સંમેટી લઇ, લાખોની મિલકત લઇ રત્નદત્ત થોડા દિવસો બાદ કૌશાંબી પાછો ફર્યો. નગરજનોએ તેનો અપૂર્વ સત્કાર કર્યો. રત્નદત્ત પોતાની સાથે તેના તારણહાર સોહનલાલ શેઠનું એક તૈલચિત્ર લઇ આવ્યો હતો તે ચિત્રપોતાના શયનગૃહમાં રાખી સૌને કહ્યું કે, આ યુવાન શેઠની મહેરબાનીના કારણે, તેને સઘળી રિદ્ધિસિદ્ધિ પ્રાપ્ત થઇ છે. રાતે શયનગૃહમાં જયારે સુજાતાએ પગ મૂકયો, ત્યારે રત્નદત્ત, સોહનલાલ શેઠના ચિત્ર સામે બળતી ધૂપસળી રાખી ઊભો હતો સુજાતા મનોમન હસી ઊઠી અને પતિની નજીક જઇ કહ્યું, " હવે કાલથી પૂજા કરજો, આજે તો ઘણા દિવસે મળ્યાં એટલે વાર્તાલાપ કરીએ. પણ હવે આપ શ્રીમાન મને ચંપલ મારવાનો અધિકાર પ્રાપ્ત કરી આવ્યા છો, એટલે સૌથી પ્રથમ તો મને ચંપલનો સ્વાદ ચખાડી દો. "

રત્નદત્ત આનંદમાં હતો એટલે હસીને તેણે કહ્યું, " સુજાતા ! તને ખબર નથી, પણ હું અહિં જીવતો પાછો આવ્યો, તે આ સોહનલાલ શેઠને આભારી છે. ધૂપપૂજા કરી બધી વાતો તને નિરાંતે સમજાવું છું. "

પતિની વાત સાંભળી, સુજાતા મુક્ત મને હસી પડી અને હળવેકથી પોતાના બલાઉઝની ખીસ્સીમાંથી, પેલો લાખ રૂપિયાવાળો રત્નદત્ત પાસે લખાવેલો પત્ર તેને પાછો આપતાં કહ્યું, " કોઇ પણ સુશીલ નારી, પોતાનો પતિ તેની પૂજા કરે એમ કદાપિ ઇચ્છે નહી. "

સુજાતાના શબ્દો સાંભળી અને પેલો કાગળ જોઇ રત્નદત્ત સ્તબ્ધ થઇ ગયો. સુજાતા એ જ સોહનલાલ એ વાત તેને તુરત સમજાઇ ગઇ. રત્નદત્ત મનોમન તેને વંદી રહ્યો અને કશું જ ન બોલી શકયો, એટલે સુજાતાએ હસીને કહ્યું, " નાથ ! મૂંઝાવાની કશી જરૂર નથી. તે દિવસે મેં આપને નહોતું કહ્યું કે, કેટલીક વસ્તુઓ સમજવા માટે પણ અમુક સમય નિશ્ચિત થયેલો હોય છે " બીજે દિવસે રત્નદત્તે જયારે માતાપિતા અને સ્નેહીઓને સુજાતાના અદ્ભુત કાર્ય અંગે બધો સવિસ્તૃત ઇતિહાસ કહ્યો, ત્યારે કૌશાંબીમાં ચારે તરફ લોકો એક જ વાત કરતાં હતાં કે " **સંસારમાં પુરુષની પ્રધાનતા તો નામની, સાચી પ્રધાનતા તો સ્રીની.** "



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તીર્થક્ષેત્ર શત્રુંજય

શ્રમણ મે. ૧૯૭૧માંથી ઉદ્ધૃત

(હિન્દીમાં મૂળ લેખક શ્રી હરિહરસિંહ અનુ. 'રક્તતેજ')

આધુનિક ગુજરાત રાજ્યના કાઠિયાવાડ નામના વિભાગમાં આવેલ શત્રુંજયગિરિ જૈનોનું સર્વશ્રેષ્ઠ તીર્થસ્થાન છે. તેની નજીક તળાટીમાં પાલીતાણા શહેર વસેલું છે, જે ભાવનગરથી ૩૫ માઇલ અને અમદાવાદથી ૧૩૪ માઇલ દૂર છે. આ શહેરની સ્થાપના સંભવતઃ રાજા કુમારપાળના મંત્રી અને ઉદયન મંત્રીના પુત્ર બાહડે કરી હતી. કારણકે મેરૂતુંગ રચિત 'પ્રબંધ ચિન્તામણિ'માં ઉલ્લેખ છે કે જ્યારે બાહડે (વાગ્ભટ) શત્રુંજય ગિરિની યાત્રા કરી ત્યારે તેણે પોતાના નામ પરથી બાહડપુર નામનું શહેર વસાવ્યું હતું. સમુદ્રની સપાટીથી તેની ઊંચાઇ લગભગ ૨૦૦૦ ફીટ છે અને પાલીતાણા શહેરથી તેની ઊંચાઇ ૧૪૦૦ ફીટ છે.

જો કે તેને તીર્થ તરીકેની માન્યતા તીર્થંકર ઋષભદેવની પહેલા ઘણા સમય અગાઉ મળી ચુકી હતી, પરંતુ આદિનાથના સમયથી વિશેષ પ્રકારે જાણીતું થયું. વસ્તુતઃ આદિનાથજ તે તીર્થના સ્થાપક મનાય છે અને તેમને કારણે તે તીર્થ વધુ લોકપ્રિય બન્યુ છે. કારણ કે બીજા તીર્થસ્થાનોની અપેક્ષાએ ભગવાન ઋષભદેવે તેને પોતાની તપોભૂમિ બનાવી હતી, તથા મૃત્યુ પહેલા નવ્વાણુ પૂર્વ વાર તે તીર્થની યાત્રા કરી હતી.

જૈનોના પાંચ પવિત્ર તીર્થમાં આ સૌથી વધારે પવિત્ર મનાય છે. તે અનેક નામથી પ્રસિદ્ધ છે. ધનેશ્વરસૂરિ રચિત 'શત્રુંજય માહાત્મ્ય'મા આ તીર્થના ૧૦૮ નામ ગણાવ્યા છે આ નામોમાં આબૂ અને ગિરનાર એ બે નામો પણ છે. જો કે તે અતિશયોક્તિ લાગે છે કારણ કે તે બે તીર્થો તો શત્રુંજયથી ઘણા દૂર આવેલા છે, અને એક બીજા સાથે જોડાયેલ પણ નથી. વસ્તુતઃ એ શત્રુંજયની પ્રશંસા માત્ર છે. (જિનપ્રભસૂરિ રચિત 'વિવિધ તીર્થકલ્પ', જેની રચના 'શત્રુંજય માહાત્મ્ય' પછી સૈકાઓ પછી થઇ છે, તેમાં આટલી લાંબી સૂચી નથી. તેમાં તો માત્ર પાંચ શિખરોનું વર્ણન છે.

આ તીર્થની પવિત્રતા સંબંધમાં ધનેશ્વરસૂરિ લખે છે કે જેટલું પુણ્ય બીજા કૃત્રિમ તીર્થક્ષેત્ર, નગર, પર્વત, ગુફા વગેરેમાં સ્તુતિ, પૂજા, વ્રત, દાન અને અધ્યયનથી પ્રાપ્ત થાય છે, તેનાથી દસગણુ પુણ્ય જૈન તીર્થક્ષેત્રમાં, સો ગણું પુણ્ય જમ્બુ વૃક્ષના ચૈત્યની નીચે, અને હજારગણુ પુણ્ય શાશ્વત ધાતુની વૃક્ષ અને પુષ્કર દ્વીપના અંજનગિરિના મનોહર ચૈત્યોની નીચે પૂજા આદિ કરવાથી પ્રાપ્ત થાય છે. તેનાથી પણ હજારગણુ પુન્ય વૈભાર, સમ્મેતશિખર, વૈતાઢ્ય, મેરુ, રૈવત અને અષ્ટાપદ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પર પ્રાપ્ત થાય છે. તેનાથી કેટલાયે ગણુ પુણ્ય કેવળ શત્રુંજયના દર્શનથી પ્રાપ્ત થાય છે. ફાર્બસે પોતાની 'રાસમાળા'માં ઉલ્લેખ કર્યો છે કે શત્રુંજયગિરિ જૈનોનું સૌથી પ્રાચીન તીર્થ છે અને પવિત્ર દેવસ્થાનોમાંનું એક છે તથા આ તીર્થ એ લોકોને માટે મહામંદિરનું સૂચક છે કે જેઓ નિવૃત્તિમાર્ગ અપનાવી મુમુક્ષુ બન્યા છે. આ તીર્થની તુલના તેઓએ ઇસાઇ ધર્મના 'આઇઓના' સાથે કરી છે જેનો નાશ કદી થતો નથી,

સિદ્ધક્ષેત્ર હોવાથી તેને સિદ્ધાચળ એવું નામ પણ આપવામાં આવ્યું છે, સિદ્ધક્ષેત્ર એટલે એ સ્થાન કે જ્યાં ઋષિ–મુનિ કે તપસ્વીએ નિર્વાણ પદ પ્રાપ્ત કર્યું હોય. પ્રાકૃત 'નિર્વાણકાંડ' અનુસાર આ પર્વત પર પાંડુના ત્રણ પુત્રો અને આઠ કરોડ દ્રવિડ રાજાઓએ નિર્વાણપદ પ્રાપ્ત કર્યું છે તેનાથી આગળ 'વિવિધતીર્થકલ્પ'માં પાંડુના પાંચે પુત્રોએ નિર્વાણપદ પ્રાપ્ત કર્યાનો ઉલ્લેખ છે. પુણ્ડરીક સ્વામી અહીંજ તપ કરી સિદ્ધ થયા છે. આ પર્વત એટલો પવિત્ર છે કે ઋષભસેન જેવા શ્રેષ્ઠ મુનિઓ, અને નેમિનાથ સિવાય ત્રેવીસ તીર્થંકરોએ આ તીર્થભૂમિના દર્શન કર્યા હતા. ખુદ ગૌતમકુમારે નેમિનાથ પાસે દિક્ષા ગ્રહણ કરી અહીં આવી નિર્વાણ પદ પ્રાપ્ત કર્યું હતું. (જુઓ આગમ સાહિત્યમાં ગુજરાત —લે. સાંડેસરા)

શહેરના મુખ્ય બજારથી આ ગિરિરાજ લગભગ એક માઈલ દૂર છે, શિખર પર ચઢવા માટે પત્થર કોરીને પગથીયા બનાવેલા છે, જેની સંખ્યા લગભગ અઢી હજાર છે તળાટીથી શિખર સુધીનું અંતર લગભગ અઢી માઇલ છે. ચઢાણુ ધીરે ધીરે શરૂ થાય છે અને અંતમાં આ પર્વત બે શિખરોમાં વિભક્ત થાય છે અહીં એકસોથી પણ વધારે મંદિર છે, જે ટૂંકમાં આવેલા છે. ઉત્તરની ટુંક નવટુંક એ નામથી પ્રખ્યાત છે. નવટુંકમાં ચૌમુખજીનું મંદિર સર્વથી વધારે મહત્ત્વપૂર્ણ અને વિશાળ છે. તેનો નિર્માણ સમય ઇ. સ. ૧૫૧૩ છે. તેના ગભારામાં ચારે દિશા તરફ મુખવાળા આદીશ્વર ભગવાનની મૂર્તિ પ્રતિષ્ઠિત કરેલી છે. ચૌમુખજીના મંદિરની પાછળ પાંચ પાંડવનું મંદિર છે પાંચ પાંડવ જૈન હતા અને આ તીર્થ ઉપરજ મોક્ષે ગયા. મધુસૂદન ઢાંકી આ મંદિરને તેરમી સદીનું માને છે, જે બરાબર જણાતું નથી. કમનસીબે આ મંદિરમાં કોઇ શિલાલેખ પ્રાપ્ત થતો નથી.

ઘાટીમાં બે ટુંક છે, એક મોતીશાહની ટુંક અને બીજી બાલાભાઈની ટુંક આ બન્ને ટુંક ૧૯મી સદીમાં બંધાયેલ છે. કળાની દૃષ્ટિએ એ બહુ મહત્ત્વપૂર્ણ નથી.

શત્રુંજય ગિરિનું દક્ષિણનું શિખર જે દાદાજીની ટુંક એ નામથી પ્રસિદ્ધ છે, તે બધાથી વધારે પવિત્ર અને મહત્ત્વપૂર્ણ છે. 'દાદાજી' એ ભગવાન આદીશ્વરનું બીજું નામ છે. આ શિખરની પશ્ચિમ બાજુએ આદીશ્વરજીની ટુંક છે. અહીં એ કહી દેવું ઉચિત ગણાશે કે મંદિરોનું નિર્માણ, વિનાશ અને પુનર્નિર્માણ આ ટુંકમાં જેટલા થયા છે એટલા બીજી એકે ટુંકમાં થયા નથી પુનઃ નિર્માણનું કાર્ય અહીં કદાચ કદી બંધ રહ્યું નથી અને આજ પણ એ ચાલી રહ્યું છે.

આ ટુંકના મુખ્ય મંદિરમાં આદિનાથની પ્રતિમા સ્થાપન કરવામાં આવી છે, કે જેને વિષે 'પ્રબન્ધ ચિન્તામણિ'માં એવો ઉલ્લેખ છે કે જ્યારે સૌરાષ્ટ્રના ઠાકોરે કુમારપાળની સત્તા સ્વીકારવા ઇન્કાર કરી દીધો ત્યારે ઉદયન મંત્રીને સેનાના નાયક બનાવીને યુદ્ધ કરવા માટે મોકલવામાં આવ્યા. તેઓ વર્ધમાનપુર (અત્યારનું વઢવાણ)માં પહોંચીને નજીકમાં આવેલ શત્રુંજય પર બિરાજમાન યુગાદિ દેવને નમસ્કાર કરવાની ઇચ્છાથી સમસ્ત મંડલેશ્વરોને આગળ ચાલવાની વિનંતી કરીને વિમલગિરિ (શત્રુંજય) આવ્યા વિશુદ્ધ શ્રદ્ધા સાથે દેવચરણોની પૂજા કરીને વિધિપૂર્વક ચૈત્યવંદન કરવા લાગ્યા કે તરતજ એક ઉંદર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નક્ષત્રમાળા જેવી પ્રદીપ્ત દીપમાળામાંથી એક વાટ લઇને લાકડાના બનાવેલા એ મંદિરના એક દરમાં પ્રવેશ કરવા લાગ્યો, તો દેવના અંગરક્ષકોએ તેને છોડાવ્યો. તેને જોઇને ઉદયન મંત્રીની સમાધિમાં ભંગ પડ્યો અને આ પ્રકારે આ લાકડાના મંદિરનો કોઇવાર નાશ થઈ જાય એમ વિચાર કરીને તેમણે તે મંદિરનો જીર્ણોદ્ધાર કરવાનું વિચાર્યું. આ વિચારથી તેમણે એ દેવની સામેજ એકાસણા કરવાનો નિયમ લીધો. પછી ત્યાંથી પ્રયાણ કરીને પોતાની છાવણી પર આવ્યા. જોકે યુદ્ધમાં તેમનો વિજય થયો પણ શત્રુના પ્રહારોથી તેમનો દેહ જર્જરિત થઇ ગયો હતો અને તેમને પોતાના નિવાસ સ્થાને લાવવામાં આવ્યા. મૃત્યુ નજીક જાણીને તે કરુણ સ્વરમાં રડવા લાગ્યા. સ્વજનોએ તેનું કારણ પૂછયું તો તેમણે કહ્યું કે મૃત્યુ નજીક આવી ગયું છે અને શત્રુંજય અને શકુનિકા જીર્ણોદ્ધારની ઇચ્છાનું દેવઋણ મારા ઉપર લાગેલું જ છે. આ સાંભળી સ્વજનોએ કહ્યું કે આપના વાગ્ભટ અને આમ્રભટ નામના બન્ને પુત્રો અભિગ્રહ લઇને તીર્થોદ્ધાર કરશે. અમે તે માટે સાક્ષી બનીએ છીએ. તે વાત આ પ્રમાણે સ્વીકારાઇ તેથી પોતે પોતાની જાતને ધન્ય સમજીને ધર્મારાધના કરીને ઉદયન મંત્રી પરલોક સીધાવ્યા. ત્યારપછી અણહિલપુર પહોંચીને તે સ્વજનોએ એ વાત વાગ્ભટ અને આમ્રભટને કહી. પુત્રોએ પણ એવોજ નિયમ ગ્રહણ કરીને જીર્ણોદ્ધારના કાર્યનો આરંભ કર્યો. બે વર્ષમાં તે જિનપ્રાસાદ તૈયાર થઇ ગયો એટલે તે સમાચાર લાવનાર વ્યક્તિને વધાઇ આપી, પછી બીજી વ્યક્ત આવી જેણે સમાચાર આપ્યા કે પ્રાસાદ ફાટી ગયો છે તેની દુઃખદાયક વાણી સાંભળીને શ્રી કુમારપાળની આજ્ઞા લઇને વાગ્ભટ પોતે ત્યાં જવા તૈયાર થયા. શિલ્પિઓ પાસેથી પ્રાસાદ ફાટવાનું કારણ પૂછ્યું. ત્યારે જવાબ મળ્યો કે ભમતીવાળા પ્રાસાદમાંથી પ્રવેશેલ પવન બહાર નીકળતો નથી, તેથી મંદિર ફાટી જાય છે. પણ જો ભમતી વગર મંદિર બનાવવામાં આવે તો બંધાવનાર નિર્વંશ થાય એવું શાસ્ત્રવિધાન છે મંત્રીએ આ સાંભળી એવો વિચાર કર્યો નિર્વંશ થવું વધારે ઠીક છે અને આ રીતે ધર્મકાર્ય એજ અમારો વંશ બનશે અને અગાઉ જીર્ણોદ્ધાર કરાવનાર ભરત વગેરેની પંક્તિમાં અમારૂં નામ લખાશે. આ રીતે પોતાની દીર્ઘદૃષ્ટિથી વિચાર કરી મંત્રીએ વચ્ચે પત્થર ભરાવ્યા અને મંદિર ભમતી વગરનું બની ગયું. ત્રણ વર્ષે મંદિર પૂર્ણ થયું. સન ૧૧૫૪માં વાગ્ભટ્ટે તેના ઉપર ધ્વજનું આરોપણ કર્યું. પાષાણમય મૂર્તિના પરિકરની મમ્માણીની ખાણના કીમતી પત્થરથી બનાવરાવી સ્થાપના કરવામાં આવી. મંદિરના બાંધકામમાં એક કરોડ ૬૦ લાખ રૂપિયાનો ખર્ચ થયો હતો.

ઉપરની વાતથી એ સ્પષ્ટ થાય છે કે આ જીર્ણોદ્ધારની પહેલા આદીશ્વર ભગવાનનું મંદિર લાકડાનું બનાવેલું હતું. લાકડું એક નાશ પામે એવો પદાર્થ હોવાથી મંદિરનો પ્રાચીનતમ ભાગ લગભગ નાશ પામ્યો છે. વાગ્ભટે કરાવેલો આ ૧૪મો જીર્ણોદ્ધાર હતો. આની પહેલા તેર બીજા ઉદ્ધાર થઇ ગયા હતા. સૌથી પહેલા અહીંયા આદિનાથની મૂર્તિ ભગવાન આદીનાથના પુત્ર ભરત ચક્રવર્તીએ સ્થાપન કરાવી હતી. આદીનાથના જ પુત્ર બાહુબલિએ મરુદેવના નામથી અહીં એક મંદિર બંધાવ્યું હતું. પરંતુ તેના કોઇ પણ અવશેષ આજે ઉપલબ્ધ નથી એટલે સુધી કે વાગ્ભટે બંધાવેલા નવનિર્મિત જિનપ્રાસાદનો નીચેનો ભાગજ મૌલિકરૂપે બચી ગયો છે. તેનું શિખર ઘણા સમય પછીનું હોય એમ માલુમ પડે છે.

( વધુ આવતાં અંકે )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મહાવીરસ્વામીના ભક્ત ભૂપતિઓ : મહત્ત્વાકાંક્ષી કોણિક

(લે. પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ)

શ્રેણિક નૃપતિની પત્ની ચેલ્લણાએ એક પુત્રને જન્મ આપી તેને અશોકવનિકામાં નંખાવી દીધો હતો. આનું કારણ એમ દર્શાવાય છે કે એ ગર્ભમાં હતો ત્યારે ચેલ્લણાને પોતાના પતિનાં આંતરડાં (હૃદયનું માંસ) ખાવાનું મન થયું હતું. એની તૃપ્તિ અભયકુમારે બુદ્ધિબળથી કરી હતી. આવા દુષ્ટ દોહદને લક્ષ્યમાં રાખી ચેલ્લણાએ પુત્રનો જન્મ થતાં બાદ ત્યજી દેવાનો વિચાર કર્યો હતો કેમકે એ દોહદ ઉપરથી એને એમ લાગ્યું હતું કે એ એના પિતાને હેરાન કરશે.

નામો–એ પુત્રને અશોકવનિકામાં નાંખી દેવાયો હોવાથી એનું 'અશોકચન્દ્ર' નામ પાડ્યું હતું એની આંગળીમાં 'કુણિયા' નામનો રોગ થતાં એનો હાથ પૂર્ણ વિકસિત ન બનવાથી એનું 'કોણિક' નામ પડ્યું હતું. એને 'કૂણિક' પણ કહે છે.

ભાઇઓ–કાલ, સુકાલ, મહાકાલ ઈત્યાદિ નામ વાળા કોણિકને દસ સાવકા ભાઇઓ હતા. જ્યારે હલ્લ અને વિહલ્લ એના બે સગા ભાઇઓ થાય છે. અણુત્તરોવવાઇયમાં હલ્લને બદલે વેહાયસનું નામ છે અને હલ્લને ધારિણીનો પુત્ર કહ્યો છે.

આઠ પત્નીઓ–કોણિકને પદ્માવતી, ધારિણી, સુભદ્રા ઇત્યાદિ આઠ પત્નીઓ હતી એમ આવસ્સયની ચુણ્ણિ વગેરે ઉલ્લેખમાં છે.

પુત્ર–કોણિકની પત્ની પદ્માવતીના એક પુત્રનું નામ ઉદાઈ (સં. उदायिन्, ગુજ. ઉદાયી) છે.

કોણિકે પોતાના પિતા શ્રેણિકને ભાઇઓની મદદ લઈ કેદ કર્યો હતો અને એ પોતે રાજા બન્યો હતો અને શ્રેણિકને ખૂબ દુઃખ દેતો હતો. એણે 'રાજગૃહ' રાજધાનીને બદલે ચંપાને રાજધાની બનાવી હતી.

પુત્રપ્રેમ–ઉદાયી નામના પુત્ર ઉપર કોણિકને ખૂબ પ્રેમ હતો. એક વેળા પોતાના ડાબા સાથળ ઉપર એને બેસાડી એ જમતો હતો તેવામાં ઉદાયીના પેશાબની ધારા એની થાળીમાં પડી પરંતુ પુત્ર વાત્સલ્યને લઇને કોણિકે એ ઉદાયીને અટકાવ્યો નહિ અને પોતાના જેવો પુત્ર પ્રત્યે કોઇને પ્રેમ નથી એમ માની એણે પોતાની માતા ચેલ્લણા આગળ પોતાના આ અજોડ પ્રેમની વાત કરી. ત્યારે ચેલ્લણાએ કહ્યું કે તારા પિતા શ્રેણિક તારા કરતાં ચડે. કેમકે તારો જન્મ થતાં મેં તને ત્યજી દીધો. ત્યારે એક કૂકડાએ તારી ટચલી આંગળી કરડી ખાધી. તેની તારા પિતાને ખબર પડતાં એ પરૂ વહેતી આંગળી તને સુખ થાય માટે એમણે પોતાના મુખમાં રાખી ચૂસ્યા કરી અને તને આરામ થયો પછીજ દરબારનાં કામો એમણે સંભાળ્યાં. આ સાંભળી કોણિક શ્રેણિકને મુક્ત કરવા દોડ્યો. શ્રેણિકને એમ લાગ્યું કે એ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મને મારી નાંખવા આવે છે એટલે એ 'તાલપુટ' વિષ ખાઇ મરી ગયા. કોણિકને ઘણું દુઃખ થયું અને એથી એણે રાજધાની બદલી.

વન્દન-યાત્રા અને ધર્મશ્રવણ-આ બાબતો ઓલવાઈમાં નીચે મુજબ દર્શાવ઼ઇ છેઃ—

મહાવીરસ્વામી ચંપા નગરીમાંના 'પૂર્ણભદ્ર' ચૈત્યમાં પધાર્યાના સમાચાર કોણિકને મળતાં એને બલવ્યાપૃત (સેનાધિકારી)ને બોલાવી કહ્યું કે હસ્તિરાજ, અને ચતુરંગી સૈન્ય અને સુભદ્રાદિ રાણીઓ માટે રથો તૈયાર કરો. 'ચંપા' નગરીને બહારથી તેમજ અંદરથી સ્વચ્છ કરો, ગલીઓ અને રાજમાર્ગો સજાવો અને દર્શકો માટે સ્થાન સ્થાન ઉપર મંચ (માચા) તૈયાર કરો. બધી તૈયારીઓ થતાં શ્રેણિક હસ્તિરત્ન ઉપર અને એની પત્નીઓ-રાણીઓ રથો ઉપર આરૂઢ થયા. 'પૂર્ણભદ્ર' ચૈત્ય સમીપ સવારી પહોંચતાં કોણિકે પાંચે રાજચિહ્નો છોડી દીધાં અને મહાવીરસ્વામી પાસે જઇ તેમને વંદન કર્યું. એમનો ઉપદેશ સાંભળી એણે એમના નિર્ગ્રન્થ પ્રવચનની ભૂરિ ભૂરિ પ્રશંસા કરી અને કહ્યું કે આપે ધર્મ કહેતી વેળા ઉપશમનો નિર્દેશ કર્યો અને એ કહેતાં વિવેકનો, વિવેક કહેતાં વિરમણનો અને વિરમણ કહેતાં પાપકર્મો નહિ કરવા જે કથન કર્યાં તે અન્ય કોઇ શ્રમણ કે બ્રાહ્મણ એવા નથી કે જે આવો ધર્મ કહે.

સેચનક હાથી અને ૧૮ સેરના દેવપ્રદત્ત હારની માંગણી-આ હાથી અને હાર શ્રેણિકે વિહલ્લને અને મતાંતર પ્રમાણે હલ્લ અને વિહલ્લ એ બંનેને આપ્યાં હતાં. એ બેનું મૂલ્ય શ્રેણિકના અડધા રાજ્ય જેટલું થાય એમ આવશ્યકની ચુણ્ણિ (ભા. ૨, પત્ર ૧૬૭)માં ઉલ્લેખ છે, વિહલ્લ સેચનક ઉપર બેસી અંતઃપુરની સાથે જળક્રીડાએ જતો હતો એ વાત કોણિકની પત્ની પદ્માવતીના જાણવામાં આવતાં એ હાથી અને હાર વિહલ્લ પાસેથી લઇ લેવા એણે કોણિકને ખૂબ આગ્રહ કર્યો. એનો હલ્લ અને વિહલ્લ તરફથી ઈન્કાર થતાં એ ગુસ્સે થયો. હલ્લ અને વિહલ્લ ચંપા છોડી વૈશાલીમાં ચેટક પાસે ચાલ્યા ગયા ત્યારે કોણિકે ચેટકને હાથી વગેરે આપી દેવા કહ્યું. એણે ના પાડી એટલે કોણિકે પોતાના દસ સાવકા ભાઇઓને સમસ્ત સેના સાથે ચેટક સાથેના યુદ્ધ માટે તૈયાર થઇ આવવા કહ્યું. આ તરફ ચેટકે પણ કાશી દેશના નવ મલ્લકિ અને કોશલ દેશના નવ લિચ્છકિ(વિ) એમ ૧૮ ગણ-રાજાઓને સૈન્ય સહિત સહાય કરવા બોલાવ્યા.

'મહાશિલા કંટક' સંગ્રામ-આ સંગ્રામમાં ૧૮ ગણ રાજાઓ હાર્યા, ચેટકને હાથે કોણિકના દસે દસ સાવકા ભાઇઓ દસ દિવસમાં એકેક એમ મરાયા. ૧૧ મે દિવસે શક્રે કોણિકનું રક્ષણ કર્યું. આ સંગ્રામમાં કોણિકની જીત થઇ. એ સંગ્રામમાં જે જે કાંકરા વડે હણાયા તે સર્વ એમ માનતા હતા કે અમે મહાશિલાથી હણાયા છીએ. આથી આ સંગ્રામને 'મહાશિલા કંટક' કહે છે. એમાં ૮૪ લાખ મનુષ્યો મરાયા.

'રથમુશલ' સંગ્રામ-આ સંગ્રામમાં કોણિકને અસુરેન્દ્ર ચમરે સહાય કરી હતી. એ સંગ્રામમાં પણ ૧૮ ગણરાજાઓ હાર્યા અને કોણિક જીત્યો. આ સંગ્રામમાં અશ્વ, સારથિ અને યોદ્ધા વિનાનો પરંતુ મુશલ સહિતનો એક રથ જનસંહાર કરતો ચારે બાજુ દોડતો હોવાથી આ સંગ્રામને 'રથમુશલ' કહે છે. આ સંગ્રામમાં ૯૬ લાખ મનુષ્યોનું મરણ થયું હતું.

બંને સંગ્રામમાં ચેટક અને એના સાથી ગણરાજાઓનો પરાજય થતાં ચેટક તેમજ હલ્લ અને વિહલ્લ વૈશાલીમાં ચાલ્યા ગયા અને એના પ્રાકારના દ્વાર બંધ કરી દીધાં. એ પ્રાકારનો કેમ કરીને ભંગ ન થતાં નીચે મુજબની આકાશવાણી થઇ તેનો ઉપયોગ કોણિકે કર્યો અને પ્રાકારનો ભંગ થયોઃ—

(અનુસંધાન પાના ૧૫૮ ઉપર જુઓ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રીમદ્ વિજયધર્મસૂરીશ્વરજીની સ્વર્ગારોહણ તિથિ

શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય શ્રીમદ્ વિજયધર્મસૂરીશ્વરજી મહારાજશ્રીની બાવનમી સ્વર્ગારોહણ તિથિ પૂજ્યપાદ આચાર્ય મહારાજ શ્રી વિજયકસ્તૂરસૂરીશ્વરજી મહારાજ વગેરેની સાનિધ્યમાં નૂતન ઉપાશ્રયે તા. ૩૦-૯-૭૪ના રોજ યશોવિજયજી જૈન ગ્રંથમાળા ભાવનગરના ઉપક્રમે ઉજવવામાં આવી હતી.

પ્રથમ બાળાઓએ અને પછી શ્રી ધનુભાઈ શાહે સ્તુતિ ગાયા બાદ ગ્રંથમાળાના પ્રમુખ શ્રી ગુલાબચંદ લલ્લુભાઈ શાહે સ્વ આચાર્ય મહારાજશ્રીની જીવનરેખા આપી હતી.

ત્યારબાદ શ્રી વી. કે. મહેતા સાહેબ ગુરૂદેવને શ્રદ્ધાંજલિ અર્પણ કરતા તેઓના જીવનના લક્ષબિંદુઓની વિદ્વતાપૂર્ણ છણાવટ કરી આજે આપણે શું કરવું જોઈએ તેનો નિર્દેશ કર્યો હતો. બાદ શ્રી શામજીભાઈએ જોશીલી ભાષામાં પૂ. ગુરુદેવે તે સમયે જૈન ધર્મના પ્રચારમાં જે વિટંબણાઓનો સામનો કર્યો હતો તેનું વર્ણન કર્યું હતું.

જ્યારે પૂ. મુનિમહારાજ શ્રી નંદનવિજયજી મહારાજે ગુરુદેવના જીવનની વિસ્તૃત રૂપરેખા આપી અંજલિ અર્પણ કરી હતી.

પૂજ્ય આ. શ્રી રૂચકચંદ્રસૂરીશ્વરજીએ સ્વ. ગુરુદેવની ગુરુ પ્રત્યેનો ભક્તિભાવ ભણવા ભણાવવાની અભિરૂચિ ધર્મનો દેશપરદેશમાં પ્રચાર વિગેરે બાબતોની સ્પષ્ટતા કરી હતી.

છેવટે પૂ. આ. મહારાજ શ્રી ચંદ્રોદયસૂરીશ્વરજીએ વિશિષ્ટ શૈલીમાં સ્વ. પૂ. ગુરુદેવની ધર્મોન્નતિની ઉન્નત ભાવના અને હાલની પરિસ્થિતિનો વિસ્તૃત સ્પષ્ટતા કરી જૈન ધર્મ અને જૈન સાહિત્યનું સંશોધન કરી શકે તેવા વિદ્વાનો તૈયાર થાય તે માટે સક્રિય કાર્ય કરવા માટે ભારપૂર્વક અનુરોધ કર્યો હતો બાદ શ્રી ખેચરભાઈ નાનચંદ શાહે આભાર વિધિ કરી હતી.

---

( અનુસંધાન પાના ૧૫૭ નું શરૂ )

"શ્રમણ કૂલવાલક માગધિકા વેશ્યામાં અનુરક્ત બનશે ત્યારે પ્રાકાર તૂટશે."

આ ઉપરથી એ વેશ્યાએ કપટ શ્રાવિકા બની કૂલવાલકને પોતાનો રાગી બનાવ્યો. એ શ્રમણને ખબર પડી કે વૈશાલીમાં મુનિસુવ્રતસ્વામીનો સ્તૂપ હોવાથી કાર્ય સિદ્ધ થતું નથી. એ ઉપરથી એણે લોકોને ઊંધું સમજાવી પ્રાકાર ભંગાવ્યો. આમ ઉત્તરજ્ઝયણની લક્ષ્મીવલ્લભ કૃત વૃત્તિ (પત્ર ૧૧)માં ઉલ્લેખ છે.

બૌદ્ધ પરંપરામાં પણ કોણિકના–અજાતશત્રુના વિજય અને વૈશાલીભંગની વાત છે; જો કે એ કેટલેક અંશે જૈન પરંપરાથી ભિન્ન છે.

કોણિકનું મૃત્યુ અને નરકગમન-મહત્ત્વાકાંક્ષી કોણિકને ચક્રવર્તી થવાની ઈચ્છા થઈ અને એ વૈતાઢ્ય પર્વતે ગયો. ત્યાં 'તિમિગુણ' નામની ગુફા હતી અને કૃતમાલક એનો અધિનાયક દેવ હતો. એ ગુફામાં પ્રવેશ કરવા માટે કોણિકે તૈયારી કરી. એ ગુફાના દ્વાર ઉપર દંડ વડે પ્રહાર કર્યો એટલે કૃતમાલકે એને મારી નાંખ્યો. એ મરીને છઠ્ઠી નરકે ગયો. આ બીના આવસ્સયની ચુણ્ણિ (ભા ૨. પૃ. ૧૭૬–૧૭૭) ઇત્યાદિમાં વર્ણવાઈ છે. કોણિકના મૃત્યુ બાદ એની પત્ની પદ્માવતીનો પુત્ર ઉદાયી રાજા બન્યો. એણે 'ચંપા' રાજધાનીનો ત્યાગ કરી પાટલિપુત્રને રાજધાની બનાવી. એનો વિશેષ વૃત્તાન્ત મેં વૈરાગ્યરસમંજરીના મારા સ્પષ્ટીકરણ (પૃ ૪૩૬–૪૩૮)માં આપ્યો છે. આથી અહીં તો હું એટલું જ કહીશ કે એ પૌષધમાં હતો ત્યારે વિનયરત્ન નામના દંભી મુનિને હાથે એનો વધ થયો હતો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન સમાચાર

## ભાવનગરમાં ભવ્ય આરાધના

આચાર્યશ્રી કસ્તુરસૂરીશ્વરજી મ. ની શુભ નિશ્રામાં પ્રવચનકાર મહાત્મા આચાર્યશ્રી ચંદ્રોદય-સૂરીશ્વરજીની પ્રેરણાથી શ્રી સંઘના હજારોની સંખ્યામાં આબાલ વૃદ્ધોએ દીપકવ્રત, પ્રવચનપદ, અરિહંતપદ, ચોવીશજીનતપ, પચરંગીતપ, શ્રી વર્ધમાન વપનું થડું તેમ જ ૨૫૦૦માં નિર્વાણ કલ્યાણક વર્ષમાં તેઓશ્રીની ભક્તિ નિમિત્તે ૨૭૦૦ આરાધકોની ઉપવાસની આરાધના, તે અંગે પાંચ દિવસનાં જિનભક્તિ તેમ સાંસ્કૃતિક જિનશાસનનો ઉદ્યોત કરનાર કાર્યક્રમ, ભવ્ય રથયાત્રા, વકતૃત્વ, લેખન હરીફાઇ, તેમ તીર્થંકર પદની મહત્તા બતાવતી ચીરોડી રંગોળી પ્રદર્શન તથા આચાર લક્ષ્મી ૪૫૦૦ સામુદાયિક સામાયિક, પૌષધવ્રત, દેશાવગાશિક તેમ હજારો ભાવિકોએ જુદાજુદા ૧૧ નિયમો એક વર્ષ માટે ગ્રહણ કર્યા હતા. વર્ધમાન તપના આરાધકોએ શ્રી શંખેશ્વર તીર્થની યાત્રા તેમજ ત્યાં અઠમ તપની આરાધના વિગેરે પ્રત્યેક આરાધના પ્રસંગોએ પ્રભાવનાઓ થતી. આજની પરીસ્થિતિને અનુલક્ષીને સાધર્મિક ભક્તિ અંગે પ્રેરણા થતાં દોઢ લાખથીએ અધિક રકમનું ફંડ એકત્રિત થયું. તેમ જીવદયા અંગે પણ ઘણી સારી રકમ એકત્રિત થઈ છે અને થશે આમ સ્વાધ્યાય, સાધના અને શાસન પ્રભાવનાના અદમ્ય ઉમંગ, ઉત્સાહમય વાતાવરણથી ભાવનગર આજ આરાધનામય બની રહ્યું છે.

ગણિવર અજીતચંદ્રવિજયજીએ ૧૬ ઉપવાસ, મુનિશ્રી પ્રદિપચંદ્રવિજયજીએ વર્ધમાન તપની ચાલુ ઓળીઓમાં શ્રી સિદ્ધતપ તથા પર્યુષણ પ્રસંગે ૧૬ ઉપવાસ મુનીશ્રી કૈલાસ ચંદ્રવિજયજીએ ૧૬, મુનિશ્રી રાજચંદ્રવિજયજી ૧૦, સાધ્વીજી મધુલતાશ્રીજી સાધ્વીજી ઉજજવલયાશ્રીજી, શા લીલાચંદ જગજીવનદાસ, બાબુભાઈ હરજીવનદાસ, તથા શા કાંતિલાલ પ્રેમચંદ એ પાંચે મહાનુ-ભાવોએ માસક્ષમણની મહાન આરાધના કરી હતી.

તેમ દાદાસાહેબના ઉપાશ્રયે ચાતુર્માસ બીરાજમાન આચાર્યશ્રી રૂચકચંદ્રસૂરીશ્વરજીની તથા કૃષ્ણનગર ઉપાશ્રયે તપસ્વી મુનિશ્રી દર્શનવિજયજી, વડવા ઉપાશ્રયે મુનિશ્રી નરચંદ્રવિજયજી તથા વરતેજમાં મુનિશ્રી કુશળચંદ્રવિજયજીની એમ ભાવનગર શહેર તેમજ ઉપનગરોમાં બીરાજમાન સર્વ પૂજ્યોની નિશ્રામાં અભૂતપૂર્વ આરાધનાદી થયેલ આ આરાધનાના ઉદ્યાપન કરવા સ્વરૂપ શ્રી સિદ્ધચક્ર મહાપૂજન સહિત શ્રી શાંતિસ્નાત્ર પૂર્વક અઠ્ઠાઇ મહોત્સવ તા. ૨૨–૯–૭૪ થી ૨૯–૯–૭૪ સુધીનો ઉલ્લાસભેર ઉજવવામાં આવ્યો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી જન્મશતાબ્દિ શિક્ષણ ટ્રસ્ટ ૧૯૭૪–૭૫માં લોન સહાય

યુગવીર આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની જન્મશતાબ્દી ચાર વર્ષ પહેલા ઉજવાઈ, તે પ્રસંગે ઉપરોક્ત ટ્રસ્ટની રચના થઈ હતી. આ ટ્રસ્ટમાંથી અખિલ ભારતીય ધોરણે ઉચ્ચ અભ્યાસ કરનાર વિદ્યાર્થી ભાઈઓ બહેનોને નિયત લોન સ્કોલરશિપ આપવામાં આવે છે. અત્યાર સુધીમાં ૩૫૨ (વિદ્યાર્થી ભાઈ–બહેનોને કુલ રૂા. ૨૫૧૦૦૦) ઉચ્ચ અભ્યાસ માટે આપેલ છે સને ૧૯૭૪-૭૫માં ૮૯ ચાલુ વિદ્યાર્થી તથા ૧૦૨ નવા વિદ્યાર્થીઓને કુલ રકમ રૂા ૧,૪૩,૨૫૦) આપવાનું મંજૂર કરેલ છે.

## શ્રી આત્મવલ્લભશીલસૌરભ ટ્રસ્ટ સ્કોલરશિપ મંજુર

શ્રી આત્મવલ્લભશીલ સૌરભ ટ્રસ્ટની સ્થાપના આજથી છ વર્ષ પહેલા સ્વ. પૂ. સાધ્વીજી શ્રી શીલવતીશ્રીજી મહારાજના સ્મરણ નિમિત્તે પ્રાકૃત અર્ધમાગધીના અભ્યાસને પ્રોત્સાહિત કરવાના શુભ આશયથી થયેલ છે. આ ટ્રસ્ટમાંથી પૂ. સાધ્વીજી મહારાજોને તથા પ્રાકૃત અર્ધમાગધી ભાષા સાહિત્યનો અભ્યાસ કરવા ઇચ્છતી કન્યાઓને જરૂરી સહાય આપવાનું ચાલુ કરેલ છે. સને ૧૯૭૪ ૭૫ના વર્ષમાં ૧૦૧ કન્યાઓને અર્ધ માગધીના અભ્યાસ માટે રૂા. ૫૧૨૫)ની રકમ આપવાનું નક્કી કરવામાં આવેલ છે, તેમજ પૂ સાધ્વીજી મહારાજના અભ્યાસ અંગે રૂા. ૨૦૦૦) અને શ્રી પ્રાકૃત વિદ્યામંડળ અમદાવાદને રૂા. ૧૦૦૦)ની રકમ મંજૂર કરેલ છે.

## ૧૩ મી નવેમ્બરથી ભગવાન મહાવીર નિર્વાણદિનની ઉજવણી શરૂ થશે.

( પી. ટી. આઈ. ) ઇન્દોર તા. ૧૩

ભગવાન મહાવીરના ૨૫૦૦મા નિર્વાણદિનની એક વર્ષ સુધી ચાલનારી ઉજવણીનો પ્રારંભ નવેમ્બરની ૧૩મીના રોજ વડાપ્રધાન શ્રીમતી ઈન્દીરા ગાંધીના વાયુપ્રવચન સાથે થશે. આ પ્રસંગની ઉજવણી માટે રચાએલી રાષ્ટ્રીય સમિતિના મંત્રી શ્રી ચીમનભાઇ સી. શાહે આ માહિતી આજે પત્રકારોને આપતાં જણાવ્યું હતું કે આ ઉજવણી દરમિયાનના કાર્યક્રમોમાં ભગવાન મહાવીરના ઉપદેશને જુદી જુદી ભાષાઓમાં વર્ષભર આકાશવાણી દ્વારા પ્રસારણ કરવાનો સમાવેશ થાય છે. શ્રી શાહે જણાવ્યું હતું કે આ ઉજવણીમાં મહાવીર જનકલ્યાણ કેન્દ્ર દ્વારા વિશષ્ટ કલ્યાણ કાર્યો પર ભાર મુકવામાં આવશે.

# સ્વર્ગવાસ નોંધ

ભાવનગર નિવાસી શાહ પરભુદાસ મૂળચંદ ( ઉં. વ ૭૪ ) તા. ૧૦–૧૦–૭૪ ગુરૂવારના રોજ ભાવનગર મુકામે સ્વર્ગવાસી થયેલ છે તે જાણી અમો ઘણા દિલગીર થયા છીએ. તેઓ આ સભાની કાર્યવાહી કમિટીના સભ્ય હતા અને સભાના કાર્યમાં સારો રસ ધરાવતા હતા. તેઓ ધર્મપ્રેમી, નમ્ર અને મળતાવડા સ્વભાવના હતા. સભાના આજીવન સભ્ય હતા. તેમના આત્માને પરમ શાંતિ મળો !



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન આત્માનંદ પ્રકાશની

# વાર્ષિક અનુક્રમણિકા : સંવત ૨૦૨૯

## ગદ્ય વિભાગ



| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | નૂતન વર્ષના મંગળ પ્રવેશે | .... મનસુખલાલ તારાચંદ મહેતા | ૨ |
| ૨ | સાધના અને વાસના | .... ,, | ૮ |
| ૩ | શ્રાદ્ધ પ્રતિક્રમણના સૂત્રો | .... હીરાલાલ ર. કાપડિયા | ૧૧ |
| ૪ | નિમિત્તની પ્રબલતા | .... આચાર્યશ્રી વિજયદેવસૂરીશ્વરજી મહારાજ | ૧૪ |
| ૫ | ગૃહદીપ-નારી | .... મનસુખલાલ તારાચંદ મહેતા | ૧૮ |
| ૬ | નિમિતની પ્રબલતા | .... આચાર્યશ્રી વિજયદેવસૂરીશ્વરજી મહારાજ | ૨૨ |
| ૭ | ભગવાન શ્રી મહાવીરદેવની વાણીનો અદ્ભૂત પ્રભાવ | .... શ્રી દેસાઈ શૈલેશ એસ | ૨૪ |
| ૮ | સ્ત્રી મુક્તિ એક યથાર્થ | .... ઉદય જૈન ધર્મ શાસ્ત્રી | ૨૬ |
| ૯ | શ્રાદ્ધ પ્રતિક્રમણના સૂત્રો | .... હિરાલાલ ર. કાપડિયા | ૩૧ |
| ૧૦ | આત્માની સુરક્ષા | .... ઉપેન્દ્રરાય જ. સાડેસરા | ૩૭ |
| ૧૧ | ભગવાન મહાવીર અને તેના સિદ્ધાંતો | .... શ્રી દેવેન્દ્ર મુનિ શાસ્ત્રી | ૩૮ |
| ૧૨ | આત્માવલંબનો ઉત્કૃષ્ટ આદર્શ પ્રભુ હાવીર | .... ભાનુમતિ દલાલ | ૪૪ |
| ૧૩ | પ્રિય દર્શના | .... મનસુખલાલ તારાચંદ મહેતા | ૪૬ |
| ૧૪ | વીર ચરિત્ર અંગેની આગમિક સામગ્રી | .... હીરાલાલ ર. કાપડીયા | ૪૯ |
| ૧૫ | સુખ ક્યાં ? | .... અમરચંદ માવજી શાહ | ૫૨ |
| ૧૬ | હિસાબી અહેવાલ સં. ૨૦૨૮ | .... — | ૬૦ |
| ૧૭ | એક મહત્વનો પત્ર | .... મનસુખલાલ તા. મહેતા | ૬૬ |
| ૧૮ | મુંગા જીવોનો શ્રાપ | .... અમરચંદ માવજી શાહ | ૭૦ |
| ૧૯ | પાપનો ડંખ | .... મનસુખલાલ તા. મહેતા | ૭૨ |
| ૨૦ | જૈન સમાચાર | .... — | ૭૭ |
| ૨૧ | પીપળ પાન ખરંતા | .... ધનસુખલાલ મહેતા | ૮૨ |
| ૨૨ | જીવનનું અમૃતઃમૃત્યુ | .... મનસુખલાલ તા. મહેતા | ૮૫ |
| ૨૩ | સન્માન સભાનો અહેવાલ | .... — | ૮૯ |
| ૨૪ | જૈન સમાચાર | .... — | ૧૦૧ |





For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૨૫ | મહાદેવીઓ અને મહાસતી | .... મનસુખલાલ તા. મહેતા | ૧૦૬ |
| ૨૬ | નિર્જંશ | ... રતિલાલ માણેકચંદ શાહ | ૧૧૦ |
| ૨૭ | શ્રાદ્ધ પ્રતિક્રમણના સૂત્રો | .... હિરાલાલ ર. કાપડિયા | ૧૧૩ |
| ૨૮ | સેવાનો મોહ | .... ચીમનલાલ ચકુભાઈ શાહ | ૧૧૮ |
| ૨૯ | જૈન સમાચાર | ... — | ૧૨૦ |
| ૩૦ | ગ્રંથાવલોકન | .... અનંતરાય જાદવજી શાહ | ટા. પે. ૨-૩ |
| ૩૧ | સંવત્સરી પર્વને આરાધક બનાવીએ | .... ભાનુમતિ દલાલ | ૧૨૨ |
| ૩૨ | પડિક્કમણુ | ... મનસુખલાલ તા. મહેતા | ૧૨૩ |
| ૩૩ | પરિમિત કરીએ પરિગ્રહને | .... ડો. ભાઈલાલ બાવીશી | ૧૨૭ |
| ૩૪ | પર્યુષણા પર્વ | .... વલભદાસ મહેતા | ૧૩૧ |
| ૩૫ | તૃષ્ણા અને તૃપ્તિ | .... ૐકારશ્રીજી | ૧૩૩ |
| ૩૬ | ત્યાગ | .... ઝવેરભાઇ બી. શેઠ | ૧૩૭ |
| ૩૭ | સંયમ સાધના | .... અમરચંદ માવજી શાહ | ૧૩૯ |
| ૩૮ | ગ્રંથાવલોકન | ... અનંતરાય જાદવજી શાહ | ૧૪૩ |
| ૩૯ | પુરુષની પ્રધાનતા | ... મનસુખલાલ તા મહેતા | ૧૪૬ |
| ૪૦ | કાગનો વાઘ | ... પન્નાલાલ પટેલ | ૧૪૯ |
| ૪૧ | તીર્થક્ષેત્ર શત્રુંજય | .... મુ. લે. હરિહરસિંહ અનુ૦ રક્તતેજ | ૧૫૩ |
| ૪૨ | મહાવીરસ્વામીના ભક્ત ભૂપતિઓ | ... હિરાલાલ ર. કાપડિયા | ૧૫૬ |
| ૪૩ | શ્રીમદ્ વિજયધર્મસૂરીશ્વરજીની સ્વર્ગારોહણ તીથી | .... | ૧૫૯ |
| ૪૪ | જૈન સમાચાર | .... | ૧૬૦ |
| ૪૫ | વાર્ષિક અનુક્રમણિકા | | ૧૬૨ |
| ૪૬ | પેટ્રનની નામાવલી | | ૧૬૪ |


## પદ્ય વિભાગ


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | નૂતન વર્ષ અભિવાદન | .... જગજીવનદાસ જે. જૈન | ૧ |
| ૨ | વીર નિર્વાણ | .... ,, | ૧૭ |
| ૩ | નિશ્ચય હૈ અપના આધાર | .... ,, | ૩૩ |




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૪ | વીર વચનામૃત | ... — | ૩૪ |
| ૫ | મંગલ શ્લોકો | .... — | ૩૫ |
| ૬ | પ્રભુ ચરણુ | .... બાઇલાલ એમ. બાવીશી | ૪૨ |
| ૭ | દયા ખાજો એ દેશની | .... બી. જે. કાપડી | ૪૩ |
| ૮ | ગાંગાણિ તીર્થનો સંક્ષિપ્ત પરિચય | .... લબ્ધિવિજયજી મ. | ૫૫ |
| ૯ | મહાવીર વાણી | .... — | ૬૫ |
| ૧૦ | મદ ત્યાગ | ... — | ૮૧ |
| ૧૧ | જિનવાણી | ... — | ૧૦૫ |
| ૧૨ | જગતકર્તા વિવિધ મતો | ... રતિલાલ માણેકચંદ શાહ | ૧૧૨ |
| ૧૩ | શરણું છે એકજ મ્હારે | .... જગજીવનદાસ જે. જૈન | ૧૨૧ |
| ૧૪ | મિચ્છામિ દુક્કડમ્ | ... | ૧૪૫ |


## પૂ. આ. પ્રભાકર શ્રી પુણ્યવિજયજી મહારાજ સાહેબના શ્રદ્ધાંજલિ વિશેષાંકની અનુક્રમણિકા


| | પાના |
|---|---|
| જ્ઞાન જ્યોતિની જીવન રેખા | ૩-૪૪ |
| વર્તમાન પત્રો અને સામયિકોની અંજલી | ૪૫-૯૬ |
| સંઘો તથા સંસ્થાઓના ઠરાવો | ૯૭-૧૨૨ |
| સંસ્થાઓ સંઘો તથા વ્યક્તિઓના પત્રો અને તારોમાંથી | ૧૨૩-૧૪૬ |
| કેટલાક લેખો અને થોડાંક કાવ્યો | ૧૨૪-૨૦૦ |
| પુરવણી | ૨૦૧-૨૦૨ |


## આ સભામાં અત્યાર સુધીમા થયેલાં માનવંતા પેટ્રન સાહેબોની નામાવલી

૧ શ્રી બાબુસાહેબરાય સીતાબચંદજી બહાદુર
૨ ,, હઠીસંગ ઝવેરચંદ
૩ ,, રાયબહાદુર બાબુસાહેબ વિજયસિંહજી
૪ , સૌભાગ્યચંદ નગીનદાસ ઝવેરચંદ
૫ ,, બાલચંદજી છાજેડ
૬ ,, જીવણલાલ ધરમચંદ
૭ ,, બાબુસાહેબ બહાદુરસિંહજી સીંઘી
૮ શ્રી ચંદુલાલ સારાભાઈ
૯ ,, રા. બ. કાંતિલાલ ઈશ્વરલાલ
૧૦ ,, માણેકચંદ જેચંદભાઈ
૧૧ ,, નાગરદાસ પુરૂષોતમ
૧૨ ,, રતિલાલ વાડીલાલ
૧૩ ,, માણેકલાલ ચુનીલાલ
૧૪ ,, નાનાલાલ હરીચંદ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૫ શ્રી કાંતિલાલ બકોરદાસ
૧૬ ,, રા. બ. નાનજીભાઇ લધાભાઇ
૧૭ ,, ભોગીલાલ મગનલાલ
૧૮ ,, રતિલાલ વર્ધમાન
૧૯ ,, પદમશી પ્રેમજીભાઈ
૨૦ ,, રમણીકલાલ ભોગીલાલ
૨૧ ,, મોહનલાલ તારાચંદ
૨૨ ,, જાદવજી નરશીદાસ
૨૩ ,, ત્રિભુવનદાસ દુર્લભદાસ
૨૪ ,, ચંદુલાલ ટી. શાહ
૨૫ ,, રમણીકલાલ નાનચંદ
૨૬ ,, દુર્લભદાસ ઝવેરચંદ
૨૭ ,, દલીચંદ પરશોત્તમદાસ
૨૮ ,, ખાંતીલાલ અમરચંદ
૨૯ ,, રા. બ. જીવતલાલ પ્રતાપશી
૩૦ ,, અમૃતલાલ કાળીદાસ
૩૧ ,, ખુશાલદાસ ખેંગારભાઇ
૩૨ ,, કાંતિલાલ જેસંગભાઇ
૩૩ ,, બબલચંદ કેશવલાલ
૩૪ ,, ચંદ્રકાન્ત ઉજમશી
૩૫ ,, પુંજાભાઇ દીપચંદ
૩૬ ,, લક્ષ્મીચંદ દુર્લભદાસ
૩૭ ,, કેશવલાલ લલ્લુભાઇ
૩૮ ,, ઓધવજી ધનજીભાઇ સોલીસીટર
૩૯ ,, મણીલાલ વનમાળીદાસ
૪૦ ,, સારાભાઈ હઠીસંગ
૪૧ ,, રમણલાલ દલસુખભાઇ
૪૨ ,, કેશવલાલ વજેચંદ
૪૩ ,, જમનાદાસ મોનજી
૪૪ ,, વીરચંદ પાનાચંદ
૪૫ ,, હીરાલાલ અમૃતલાલ
૪૬ ,, ગીરધરલાલ દીપચંદ
૪૭ ,, પરમાણંદ નરશીદાસ
૪૮ ,, લવજીભાઇ રાયચંદ
૪૯ ,, પાનાચંદ લલ્લુભાઈ
૫૦ ,, કસ્તુરભાઇ લાલભાઇ
૫૧ ,, પરશોતમદાસ મનસુખલાલ
૫૨ શ્રી મનસુખલાલ દીપચંદ
૫૩ ,, છોટાલાલ મગનલાલ
૫૪ ,, માણેકચંદ પોપટલાલ
૫૫ ,, નગીનદાસ કરમચંદ
૫૬ ,, ડૉ. વલ્લભદાસ નેણુશીભાઇ
૫૭ ,, સકરચંદ મોતીલાલ
૫૮ ,, પ્રાગજીભાઇ ઝવેરચંદ
૫૯ ,, ખીમચંદ લલ્લુભાઈ
૬૦ ,, પરશોતમદાસ સુરચંદ
૬૧ ,, કેશવજીભાઇ નેમચંદ
૬૨ ,, હાથીભાઇ ગુલાલચંદ
૬૩ ,, અમૃતલાલ ફુલચંદ
૬૪ ,, પોપટલાલ કેવળદાસ
૬૫ ,, ભગુભાઈ ચુનીલાલ
૬૬ ,, વનમાળીદાસ ઝવેરચંદ
૬૭ ,, બકુભાઇ મણીલાલ
૬૮ ,, ખીમચંદ મોતીચંદ
૬૯ ,, ચીમનલાલ ડાયાભાઇ
૭૦ ,, રમણલાલ જેશીંગભાઇ
૭૧ ,, મગનલાલ મૂળચંદ
૭૨ ,, નરોત્તમદાસ શામજીભાઇ
૭૩ ,, કેશવલાલ બુલાખીદાસ
૭૪ ,, મોહોલાલ મગનલાલ
૭૫ ,, ચીમનલાલ મગનલાલ
૭૬ ,, રતિલાલ ચત્રભુજ
૭૭ ,, પોપટલાલ ગીરધરલાલ
૭૮ ,, કાંતિલાલ હીરાલાલ કુસુમગર
૭૯ ,, લાલભાઈ ભોગીલાલ
૮૦ ,, સાકરલાલ ગાંડાલાલ
૮૧ ,, હરખચંદ વીરચંદ
૮૨ ,, ચંદુલાલ વર્ધમાન
૮૩ ,, છોટાલાલ ભાઇચંદ
૮૪ શ્રીમતી પ્રભાવતીબેન હરખચંદ
૮૫ શ્રી મનમોહનદાસ ગુલાબચંદ
૮૬ ,, કાંતિલાલ રતિલાલ
૮૭ ,, નૌતમલાલ અમૃતલાલ
૮૮ ,, જયંતિલાલ રતનચંદ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૮૯ ,, ભાણજીભાઇ ધરમશી
૯૦ ,, પાનાચંદ ડુંગરશી
૯૧ ,, નાનકચંદ રીખવચંદ
૯૨ શ્રીમતી કમળાબેન કાંતિલાલ
૯૩ શ્રી રમણલાલ નગીનદાસ
૯૪ ,, કપુરચંદ નેમચંદ
૯૫ , મંગળદાસ ગોપાળદાસ
૯૬ ,, રાયચંદ લલ્લુભાઇ
૯૭ ,, છોટુભાઇ રતનચંદ
૯૮ ,, હરગોવનદાસ રામજીભાઈ
૯૯ ,, નવીનચંદ્ર છગનલાલ
૧૦૦ , નવીનચંદ્ર જયંતિલાલ
૧૦૧ ,, શરદભાઇ જયંતિલાલ
૧૦૨ ,, તુલશીદાસ જગજીવનદાસ
૧૦૩ ,, નાનચંદ જુઠાભાઈ
૧૦૪ ,, ચંદુલાલ પુનમચંદ
૧૦૫ ,, સૌભાગ્યચંદ નવલચંદ
૧૦૬ ,, ચંપાલાલ કરશનદાસ
૧૦૭ ,, અમૃતલાલ ડાહ્યાભાઇ
૧૦૮ ,. મહીપતરાય વૃજલાલ
૧૦૯ ,, પોપટલાલ નરોત્તમદાસ
૧૧૦ ,, ગુલાબચંદ લાલચંદ
૧૧૧ ,, મનુભાઈ વીરજીભાઇ
૧૧૨ ,, ચંદુલાલ નગીનદાસ
૧૧૩ , મુળજીભાઇ જગજીવનદાસ
૧૧૪ , ચુનીલાલ ઝવેરચંદ
૧૧૫ શ્રીમતી લાછબાઈ મેઘજીભાઇ
૧૧૬ શ્રી સુખલાલ રાજપાળ
૧૧૭ ,, સુંદરલાલ મૂળચંદ
૧૧૮ ,, પ્રાણજીવન રામચંદ
૧૧૯ ,, શાંતિલાલ સુંદરજી
૧૨૦ ,, પ્રાણલાલ કે. દોશી

૧૨૧ શ્રી ખાંન્તીલાલ લાલચંદ
૧૨૨ ,, ચીમનલાલ ખીમચંદ
૧૨૩ , ભોગીલાલભાઇ જેઠાલાલ
૧૨૪ શ્રીમતિ કંચનબેન ભોગીલાલ
૧૨૫ શ્રી જયંતભાઇ માવજીભાઇ
૧૨૬ ,, ખુમચંદભાઇ રતનચંદ
૧૨૭ ,, સવાઇલાલ કેશવલાલ
૧૨૮ ,, નંદલાલભાઈ રૂપચંદ
૧૨૯ ,, જાદવજીભાઇ લખમશી
૧૩૦ ., બાવચંદભાઇ મંગળજી
૧૩૧ ,, પોપટલાલ નરશીદાસ
૧૩૨ ,, ફુલચંદભાઇ લીલાધર
૧૩૩ ,, જીવરાજભાઇ નરભેરામ
૧૩૪ ,, માણેકલાલ ઝવેરચંદ
૧૩૫ ,, પ્રાણલાલભાઈ મોહનલાલ
૧૩૬ ,, હરસુખલાલ ભાઇચંદ
૧૩૭ ,, ચંદુલાલભાઈ વનેચંદ
૧૩૮ ,, મનસુખલાલ હેમચંદ
૧૩૯ ,, પોપટલાલ મગનલાલ
૧૪૦ ,, કાંન્તિલાલ હરગોવન
૧૪૧ ,, અમૃતલાલ કાળીદાસ
૧૪૨ ,, કાંન્તીલાલ ભગવાનદાસ
૧૪૩ ,, નગીનદાસ અમૃતલાલ
૧૪૪ ,, પોપટલાલ નગીનદાસ
૧૪૫ ,, ચીમનલાલ નગીનદાસ
૧૪૬ ,, દીપચંદભાઇ એસ. ગાર્ડી
૧૪૭ ,, વાડીલાલભાઈ ચત્રભુજ
૧૪૮ ,, પન્નાલાલભાઇ લલ્લુભાઇ
૧૪૯ ,, તલકચંદભાઇ દામોદરદાસ
૧૫૦ શ્રીમતિ ભાનુમતીબેન વાડીલાલ
૧૫૧ શ્રી નાનચંદભાઈ તારાચંદ
૧૫૨ ,, હીરાલાલ જુઠાભાઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ખાસ વસાવવા જેવા કેટલાક અલભ્ય ગ્રન્થો

### संस्कृत ग्रंथो

| | रु. न. पै. |
|---|---|
| १ वसुदेव हिण्डी-द्वितीय अंश | १०-०० |
| २ बृहत्कल्पसूत्र भा. ६ ठ्ठो | २०-०० |
| ३ त्रिषष्टिशलाकापुरुषचरित-महाकाव्यम् भा. २, पर्व २, ३, ४ (मूळ संस्कृत) पुस्तकाकारे | १५-०० |
| ४. ,, ,, प्रताकारे | १५-०० |
| ५ द्वादशारं नयचक्रम् | ४०-०० |
| ६ सम्मतितर्कमहार्णवावतारिका | १५-०० |
| ७ तत्त्वार्थाधिगमसूत्रम् | १५-०० |
| ८ प्रबंधपंचशती | १५-०० |
| ९ स्त्रीनिर्वाणकेवलिभुक्तिप्रकरणे | ६-०० |
| १० श्री शान्तिनाथ महाकाव्यम् आ. श्री भद्रसूरीविरचितम्. | १०-०० |

### अंग्रेजी ग्रंथो

| | R. N.p. |
|---|---|
| 1 Anekantvada by H. Bhattacharya | 3-00 |
| 2 Shree Mahavir Jain Vidyalaya Suvarna Mahotsava Granth | 35-00 |

*

### ગુજરાતી ગ્રંથો

| | રૂા. ન. પૈ. |
|---|---|
| ૧ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર | ૨૦-૦૦ |
| ૨ શ્રી તીર્થંકર ચરિત્ર | ૧૦-૦૦ |
| ૩ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૨ | ૪-૦૦ |
| ૪ કાવ્ય સુધાકર | ૨-૫૦ |
| ૫ આદર્શ જૈન સ્ત્રીરત્નો ભા. ૨ | ૨-૦૦ |
| ૬ કથારત્ન કોષ ભા. ૧ | ૧૨-૦૦ |
| ૭ કથારત્ન કોષ ભા. ૨ | ૧૦-૦૦ |
| ૮ આત્મ વલ્લભ પૂજા સંગ્રહ | ૩-૦૦ |
| ૯ આત્મ કાન્તિ પ્રકાશ | ૧-૫૦ |
| ૧૦ જ્ઞાન પ્રદીપ ભા. (૧ થી ૩ સાથે) સ્વ. આ. વિજયકસ્તૂરસૂરિજી રચિત | ૧૦-૦૦ |
| ૧૧ ધર્મ કૌશલ્ય | ૨-૦૦ |
| ૧૨ અનેકાન્તવાદ | ૨-૦૦ |
| ૧૩ નમસ્કાર મહામંત્ર | ૨-૦૦ |
| ૧૪ ચાર સાધન | ૨-૦૦ |
| ૧૫ ભગવાન મહાવીર યુગના ઉપાસકો | ૨-૦૦ |
| ૧૬ જાણ્યું અને જોયું | ૨-૦૦ |
| ૧૭ સ્યાદ્વાદમંજરી | ૧૫-૦૦ |
| ૧૮ ભ. મહાવીર યુગનાં ઉપાસિકાઓ | ૨-૦૦ |
| ૧૯ પૂજ્ય આગમપ્રભાકર પુણ્યવિજયજી શ્રદ્ધાંજલિ વિશેષાંક પાકુ બાઈન્ડીંગ | ૬-૨૫ |
| કાચુ બાઈન્ડીંગ | ૫-૨૫ |

પોસ્ટ ખર્ચ અલગ. આ અમૂલ્ય ગ્રંથો વસાવવા ખાસ ભલામણ છે
કોઈ પણ પ્રકારનું વેપારી કમીશન આપવામાં આવતું નથી.

: લખો :

## શ્રી જૈન આત્માનંદ સભા : ભાવનગર

તંત્રી : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, ભાવનગર.

For Private And Personal Use Only